dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue - 153 | AD - 2025, Fagan Sud - 09 | Saturday, Dt.08-03-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સેલવાસમાં નમો હોસ્પિટલ સહિત અન્ય ૨૫૮૭ કરોડના પ્રોજેક્ટનું લોકાર્પણ કર્યું

સુરત, ધતા.૦૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૭ થી ગુજરાતના બે દિવસીય પ્રવાસે આવ્યા છે. તાજેતરમાં જ જામનગર વનતારાની મુલાકાતે આવ્યા બાદ પીએમ મોદીનો આ સતત બીજો ગુજરાત પ્રવાસ છે. ૭ માર્ચ, શુક્રવારે બપોરે પીએમ મોદી પ્રથમ સુરત એરપોર્ટ પર ઉતર્યા હતાં અને ત્યાંથી તેઓ સીધા સેલવાસ ગયા હતાં. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના સેલવાસમાં નમો હોસ્પિટલના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે અહીં ૪૫૦ બેડવાળી નમો હોસ્પિટલનું ઉદ્ઘાટન કર્યું. આ સાથે, ૬૫૦ પથારીની ક્ષમતાવાળા બીજા તબક્કાનો શિલાન્યાસ પણ કરવામાં આવ્યો. આ પછી, તેમણે સેલવાસમાં ૨૫૮૭ કરોડ રૂપિયાના વિવિધ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કર્યો હતો.



હાર્દિક શુભેચ્છા



શ્રી અતુલભાઈ કાનાણી
નવનિયુકત પ્રમુખશ્રી અમરેલી જિલ્લા ભાજપ

અમરેલી જિલ્લા ભાજપના નવનિયુકત પ્રમુખ તરીકે ધારીના યુવા આગેવાન શ્રી અતુલભાઈ કાનાણીની વરણી થવા બદલ હૃદયપૂર્વક અભિનંદન સહ સફળ કાર્ય માટેની શુભેચ્છાઓ. આપના નેતૃત્વમાં જિલ્લા સંગઠન વધુને વધુ સક્ષમ બની શિખરો સર કરે તેવી શુભકામનાઓ...

-: શુભેચ્છક :-

શ્રી ભુપતભાઈ વાળા
પૂર્વ ઉપ પ્રમુખશ્રી, અમરેલી જિલ્લા પંચાયત

હાર્દિક અભિનંદન



અમરેલી જિલ્લા ભાજપના નવનિયુકત પ્રમુખ તરીકે ધારીના યુવા આગેવાન શ્રી અતુલભાઈ કાનાણીની વરણી થવા બદલ હૃદયપૂર્વક અભિનંદન

શ્રી અતુલભાઈ કાનાણી
નવનિયુકત પ્રમુખશ્રી અમરેલી જિલ્લા ભાજપ

-: શુભેચ્છક :-

શ્રી જીતુભાઈ કે. જોષી
પૂર્વ પ્રમુખશ્રી, ધારી તાલુકા ભાજપ
પૂર્વ સરપંચશ્રી, ધારી ગ્રામ પંચાયત

હાર્દિક શુભેચ્છા



અમરેલી જિલ્લા ભાજપના નવનિયુકત પ્રમુખ તરીકે ધારીના યુવા આગેવાન, સંગઠનના કુશળ વ્યકિત
અતુલભાઈ કાનાણી
ની વરણ થતા ખૂબ ખૂબ અભિનંદન

શ્રી અતુલભાઈ કાનાણી
નવનિયુકત પ્રમુખશ્રી અમરેલી જિલ્લા ભાજપ

: શુભેચ્છક :

શ્રીમતિ કમળાબેન ભુવા - સદસ્યાશ્રી, જી. પં. અમરેલી
શ્રી ખોડાભાઈ ભુવા - ડિરેકટરશ્રી, માર્કેટિંગ યાર્ડ ધારી
શ્રી દક્ષેશભાઈ ભુવા - પૂર્વ સરપંચશ્રી ગ્રામ પંચાયત વેકરીયાપરા

હાર્દિક શુભેચ્છા



અમરેલી જિલ્લા ભાજપના નવનિયુકત પ્રમુખ તરીકે ધારીના યુવા આગેવાન, સંગઠનના કુશળ વ્યકિત
અતુલભાઈ કાનાણી
ની વરણ થતા ખૂબ ખૂબ અભિનંદન

શ્રી અતુલભાઈ કાનાણી
નવનિયુકત પ્રમુખશ્રી અમરેલી જિલ્લા ભાજપ

: શુભેચ્છક :

શ્રીમતિ કિરણબેન ઘનશ્યામભાઈ હિરપરા - પ્રમુખશ્રી, તા. પં. ધારી
શ્રી ભરતભાઈ વલ્લભભાઈ અંટાળા - ઉપ પ્રમુખશ્રી, તા. પં. ધારી
શ્રી જયદેવભાઈ ચંપુભાઈ બસીચા - કારોબારી ચેરમેન, તા. પં. ધારી
શ્રી ચતુરભાઈ ખોડાભાઈ સરવૈયા - ન્યાય સમિતિ ચેરમેન, તા. પં. ધારી

હાર્દિક શુભેચ્છા



અમરેલી જિલ્લા ભાજપના નવનિયુકત પ્રમુખ તરીકે ધારીના યુવા આગેવાન, સંગઠનના કુશળ વ્યકિત
અતુલભાઈ કાનાણી
ની વરણ થતા ખૂબ ખૂબ અભિનંદન

શ્રી અતુલભાઈ કાનાણી
નવનિયુકત પ્રમુખશ્રી અમરેલી જિલ્લા ભાજપ

: શુભેચ્છક :

શ્રી મનસુખભાઈ ભુવા
પૂર્વ ધારાસભ્યશ્રી, ધારી-બગસરા મત વિસ્તાર
ચેરમેનશ્રી, માર્કેટિંગ યાર્ડ - ધારી.

અમરેલીમાં રખડતા ઢોર-શ્વાનની સમસ્યા ૧૦ દિવસમાં હલ નહીં કરવામાં આવે તો શહેર બંધનું એલાન

અમરેલી, તા.૦૭



અમરેલી શહેરમાં રખડતા ઢોર અને શ્વાનની સમસ્યા વકરી રહી છે. આ મુદ્દે અમરેલી ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોમર્સે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું છે. શહેરના ઈન્દિરા શોપિંગ, શાકમાર્કેટ વિસ્તાર અને રાજકમલ ચોકમાં રખડતા ઢોર અડિંગો જમાવીને બેસી જાય છે. અવારનવાર આખલાઓ વચ્ચે થતા ઘર્ષણથી વાહનચાલકો અને રાહદારીઓને મુશ્કેલી પડી રહી છે. આ ઉપરાંત રખડતા શ્વાને ૧૫થી ૨૦ લોકો પર હુમલા કર્યા છે. બચકા ભરવાની ઘટનાઓ વારંવાર બની રહી છે. ચેમ્બરે માંગ કરી છે કે રખડતા ઢોર અને શ્વાનની વકરી રહેલી સમસ્યા દૂર કરવામાં આવે. જો ૧૦ દિવસમાં આ સમસ્યાનું નિરાકરણ નહીં આવે તો અમરેલી શહેર બંધનું એલાન કરવામાં આવશે.

અમરેલીના વરસડા ગામની સીમમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ સાથે એક ઈસમની ધરપકડ

અમરેલી,તા.૦૭



અમરેલી એલ.સી.બી. ટીમે વરસડા ગામની સીમમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો નંગ ૧૨૯૪ તથા બિયર નંગ -૪૭૦ મળી કુલ કિં.રૂ.૨,૦૯,૮૨૨/- ના મુદ્દામાલ સાથે એક ઈસમની ધરપકડ કરી હતી. એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ ટીમને ગત રાત્રે પેટ્રોલીંગ દરમિયાન ભારતીય બનાવટના વિદેશી દારૂ અંગે બાતમી મળેલ હતી. જેના આધારે વરસડાની સીમમાં રેઈડ દરમિયાન રઘુવીર ભાભલુભાઈ ધાંધલ (ઉ.વ.૨૬, રહે. વરસડા)ને વિદેશી દારૂની બોટલો તથા બિયર ટીન સાથે પકડીને તેમાં સંડોવાયેલ અન્ય ફરાર આરોપીઓ વિરૂધ્ધ કાર્યવાહી કરી હતી. આ ફરાર આરોપીઓમાં (૧) કુલદીપ ધીરૂભાઈ ધાંધલ, રહે.વરસડા, હાલ રહે. અમરેલી. (૨) રણજીત જયતાભાઈ ધાંધલ, રહે. લીલીયા, હાલ રહે.અમરેલી, અને (૩) સુજીત ધીરૂભાઈ ધાંધલ, રહે.વરસડા, હાલ રહે.અમરેલીનો સમાવેશ થાય છે.

ભાજપનાં આગેવાનો અમદાવાદમાં શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળની મુલાકાતે



અમદાવાદમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ - મેમનગર ખાતે ભાજપનાં આગેવાનો પહોચ્યા હતા. જ્યા ભગવાન સ્વામિનારાયણના દર્શન કરી, પૂજ્ય બાલકૃષ્ણ સ્વામીજીના આશીર્વાદ પ્રાપ્ત કરતા વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, ધારાસભ્ય જે. વી. કાકડિયા અને જનકભાઈ તળાવિયા અને જીતુભાઈ પાઘડાળ દંશ્યમાન થાય છે.

અમરેલીમાં જન ઔષધિ દિવસની ઉજવણી, સસ્તી અને ગુણવત્તાયુક્ત દવાઓ અંગે જાગૃતિ ફેલાવાઈ

અમરેલી,તા.૦૭



પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ પરિયોજના (પીએમબીજેપી) અંતર્ગત જન ઔષધી કેન્દ્રો ઉપર ગુણવત્તાયુક્ત જેનરિક દવાઓ લોકોને પોસાય તેવા ભાવે પૂરી પાડીને સામાન્ય લોકોના જીવન પર નોંધપાત્ર અસર કરી રહી છે. આ કેન્દ્રોમાં ડાયાબિટીસ, બીપી, કેન્સર, ગેસ્ટ્રો, વિટામિન્સ, એન્ટીબાયોટિક્સ સહિત ૯૦૦થી વધુ પ્રકારની દવાઓ બજાર કિંમત કરતાં ૫૦% થી ૯૦% સુધી સસ્તી ઉપલબ્ધ છે. પીએમની પહેલ પર જેનરિક દવાઓના વિતરણ અને ઉપલબ્ધતા વિશે જન સમુદાયમાં જાગૃતિ વધારવા અને જેનરિક દવાઓને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે ૭ માર્ચના રોજ 'જન ઔષધિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે અમરેલીમાં જન ઔષધિ કેન્દ્ર ઉપર ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને સસ્તી અને ગુણવત્તાયુક્ત દવાઓ ઉપલબ્ધ કરાવીને તેમના આરોગ્ય ખર્ચમાં ઘટાડો કરવાનો છે.

રાજુલા પાલિકામાં હોદ્દેદારોની નિમણૂક થતાં સફાઈ કામગીરીને વેગ મળ્યો

રાજુલા,તા.૦૭



તસ્વીર : ગોપાલ રાઠોડ

રાજુલા નગરપાલિકામાં નવા હોદ્દેદારોની નિમણૂક થતાં શહેરની સફાઈ કામગીરીને પ્રાથમિકતા આપવામાં આવી છે. ધારાસભ્ય હીરાભાઈ સોલંકીની સૂચનાથી રાજુલા નગરપાલિકાના પ્રમુખ મયુર દાદા, ઉપપ્રમુખ ઘનશ્યામભાઈ વાઘ અને કારોબારી ચેરમેન હેમલ વસોયાના માર્ગદર્શન હેઠળ સફાઈ કામદારોએ શહેરના વિવિધ વિસ્તારોમાં સફાઈ અભિયાન શરૂ કર્યું છે.

ધારી તાલુકામાં સંકલિત જળ સંસાધન વિકાસ અને વ્યવસ્થાપન પ્રોજેક્ટનો શુભારંભ

ધારી, તા.૦૭



અંબુજા ફાઉન્ડેશન દ્વારા સન ફાર્માની સી.એસ.આર પહેલ અંતર્ગત ધારી તાલુકાના ૪૦ ગામોમાં ૪ વર્ષ માટે ચાલતા પ્રોજેક્ટ લોન્ચિંગ વર્કશોપ જિલ્લા કલેક્ટર અજય દહિયાની ઉપસ્થિતિમાં યોજાયો હતો. અંબુજા ફાઉન્ડેશનના રિજનલ ડાયરેક્ટર દલસુખભાઈ વઘાસિયાએ સંસ્થાનો પરિચય આપ્યો હતો અને સંસ્થા દ્વારા થયેલા જળ વ્યવસ્થાપન અને ગ્રામ વિકાસના કામોની માહિતી આપી હતી. સન ફાર્માના જનરલ મેનેજર બ્રજેશ ચૌધરીએ સન ફાર્મા દ્વારા ચાલતા વિવિધ ગ્રામ વિકાસ પ્રોજેક્ટની માહિતી આપી હતી.

સુરતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમમાં અમરેલી પોલીસની પ્રશંસનીય કામગીરી

અમરેલી, તા. ૦૭



વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસના ગુજરાત પ્રવાસે આવેલ છે જેની સુરક્ષા વ્યવસ્થામાં અમરેલી જિલ્લામાંથી પોલીસ સ્ટાફને મુકવામાં આવ્યો છે જેમાં એક વિકલાંગ મહિલાને જાફરાબાદ પી. એસ.આઈ. મારું અને અન્ય પોલીસ સ્ટાફ દ્વારા અગવડ ન પડે તે રીતે યોગ્ય જગ્યાએ પહોચાડી પ્રશંસનીય કામગીરી કરી હતી.

નવનિયુક્ત જિલ્લા ભાજપ પ્રમુખની ગાંધીનગરમાં ધારાસભ્યો સાથે મુલાકાત

અમરેલી,તા.૦૭



જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે નિમણૂક થયા પછી અતુલભાઈ કાનાણીએ આજે ગાંધીનગર ખાતે વિધાનસભામાં નાયબ મુખ્ય દંડક અને અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, ધારીના ધારાસભ્ય જે.વી. કાકડિયા અને લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા સાથે મુલાકાત કરી હતી. આ તકે સૌ ધારાસભ્યોએ નવનિયુક્ત કાનાણીને શુભકામનાઓ પાઠવી હતી. જિલ્લા પ્રમુખ અતુલભાઈ પાઠવી હતી.

પીપળવા અને સનાળીયા રોડ પર આવેલા રેલવે ફાટક પર ઓવરબ્રિજ અથવા ગરનાળું બનાવવાની માંગ

અમરેલી,તા.૦૭



પીપળવા રોડ અને સનાળીયા રોડ પર આવેલા રેલવે ફાટક પર ઓવરબ્રિજ અથવા ગરનાળું બનાવવાની માંગ પ્રબળ બની છે. આ બંને ફાટક પર દિવસભર ટ્રેનોની અવરજવરના કારણે સતત ટ્રાફિક જામ રહે છે, જેના કારણે વાહનચાલકો અને સ્થાનિક લોકો ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે. પીપળવા રોડ પર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલું હોવાથી એમ્બ્યુલન્સને પણ ફાટક પર ઉભું રહેવું પડે છે. ટ્રેન પસાર થતી વખતે ૧૫-૨૦ મિનિટ સુધી ફાટક બંધ રહેવાથી વાહનવ્યવહાર ઠપ્પ થઈ જાય છે અને કર્મચારીઓ પણ સમયસર પોતાના સ્થળે પહોંચી શકતા નથી. આ સમસ્યાના કારણે ઘણી વખત એમ્બ્યુલન્સમાં રહેલા હાર્ટ એટેકના દર્દીઓ અને પ્રસૂતા બહેનોને સમયસર સારવાર મળી શકતી નથી, જેના કારણે જીવનું જોખમ પણ રહે છે.

આ વિસ્તારના ભાજપ અગ્રણી ભાસ્કરભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ સમસ્યા અંગે અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયાને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

અમરેલીમાં મહિલા પાસેથી ૪ લીટર દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૦૭

અમરેલીમાં રહેતી એક મહિલા પાસેથી ૪ લીટર પીવાનો દેશી દારૂ રેઈડ દરમિયાન પકડાયો હતો. પોલીસે ૮૧૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી કરી હતી. અમરેલીમાંથી બે સહિત જિલ્લામાંથી કુલ પાંચ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા. જ્યારે ચાર ઈસમો નશાયુક્ત હાલતમાં વાહન ચલાવતાં ઝડપાયા હતા.

CARE IS OUR CULTURE

AIMS -એઇમ્સ

HOSPITAL-AMRELI હોસ્પિટલ અમરેલી

ડૉ. કેયુર આર. કોટડીયા MBBS, DNB MEDICINE, FID, CCEBDM, FELLOW IN CRITICAL CARE

હૃદયરોગ અને ડાયાબીટીસની સારવારમાં નિષ્ણાંત

એઇમ્સ હોસ્પિટલ - અમરેલી



બહોળો અનુભવ નાઈસ હોસ્પિટલ, તળાજા
સ્ટર્લિંગ હોસ્પિટલ, અમદાવાદ, જી. કે. જનરલ હોસ્પિટલ, ભુજ

સ્પેસિયલ ઇન્ટરેસ્ટ

૧) ડાયાબિટીશ, બી.પી., હાઈ કોલેસ્ટેરોલ વગેરે જેવા ક્રોનિક રોગોનું નિદાન તથા સારવાર
૨) દમ (અસ્થમા), સીઓપીડી, ટી.બી., ફેફસામાં પાણી ભરાવું, ન્યુમોનિયા, (Covid-19) કોવિડ, વગેરે રોગોનું નિદાન તથા સારવાર
૩) (સ્ટ્રોક) મગજનો હુમલો (પક્ષઘાત), ખેંચ, વાઈ, ચક્કર આવવા વગેરે જેવા મગજના રોગોનું નિદાન તથા સારવાર
૪) મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનીયા, ટાઈફોઈડ, બ્રુસેલા, કમળો વગેરે વિવિધ પ્રકારના તાવનું નિદાન તથા સારવાર
૫) કોલેરા, ઝાડા, ઉલટી, પેટનો દુઃખાવો, એપેન્ડીક્ષ,
૬) પેનક્રીએટાઈસીસ-સ્વાદુપિંડનો સોજો, ઉલટીમાં લોહી આવવું વગેરે જેવા પેટના રોગોનું નિદાન તથા સારવાર
૭) પોઈઝન, સર્પદંશ, વીંછી કરડવો, ઈલેક્ટ્રીક શોક વગેરેનું નિદાન તથા સારવાર

GNM તેમજ Bsc નર્સીંગ સ્ટાફ જોઈએ છે

સંપર્ક : 7610810857

એઇમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી.

02792222060 / 7610810827

Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર

(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચક્કરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero

માઈલેજ લીડર ★★★★★ પ્રિમયમ કોપર ગોલ્ડ ગાર્નીસ ★★★★★ મજબૂત એલોય વ્હીલ્સ ★★★★★ લાંબી આરામદાયક સીટ ★★★★★ મોટું ફ્લોરબોર્ડ ★★★★★ અત્યાધુનિક ઓટો કેન્સલ ઇન્ડિકેટર ★★★★★



હીરો નું સ્કૂટર એટલે સ્કૂટર નો હીરો

પ્રસ્તુત છે નવું Destini 125

રહો બે કદમ આગળ

અભિનેતા HERO DESTINI 125 | નિર્માતા HERO MOTOCORP
વિશેષતાઓ તેની શ્રેણીમાં શ્રેષ્ઠ માઇલેજ | મોટા અને 100/80-12 પહોળા એલોય વ્હીલ્સ | લાંબી પહોળી સીટ 785mm |LED પ્રોજેક્ટર હેડલાઈટ DRL સાથે

Navnit Hero

Near Gopi Cinema, Station Road, Amreli-365601

+91 92899 22254

navnit@heromotocorp.biz

મુકેશ સંઘાણી 94281 45595

New Number 97230 67130

હર્ષદ સંઘાણી 98242 33314

અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી

ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એક્સીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી

શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?



વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ

મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com

C/O પટેલ ગેરેજ, ચક્કરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

અમરેલી જિલ્લા સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા શિક્ષક વિરુદ્ધ જિલ્લા અધિક કલેક્ટરને અપાયું આવેદનપત્ર

અમરેલી,તા.૦૭



થોડા દિવસો પહેલા ભારત નગર સ્કૂલના શિક્ષકે મુસ્લિમ સમાજની બે દીકરીઓને અડપલા કર્યા હતા જેના વિરુદ્ધમાં અમરેલી જિલ્લા સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા જિલ્લા અધિક કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું છે. જેમાં હવસખોર શિક્ષકને નોકરીમાંથી કાયમી ડીસમીસ કરવો, તાત્કાલિક અસરથી ચાર્જ સીટ રજૂ થાય, સ્પેશિયલ કોર્ટમાં સરકાર દ્વારા સરકાર પક્ષે વકીલની નિમણૂક અને ભોગ બનનાર બંને બાળાને વિકટીમ કમ્પેન્સેશન સ્કીમ હેઠળ આપવામાં આવે માંગ કરાઈ છે. સાથે જ સંડોવાયેલ શિક્ષક પોતે દારૂ પીને દારૂ પીવડાવી ભોગ બનનાર છોકરીઓની જીંદગી સાથે ચેડા કરવા સંબંધે અમરેલી શહેર, તાલુકા જિલ્લાના તમામ સમાજના આગેવાનો આ બનાવને વખોડી કાઢી ભવિષ્યમાં આવા બનાવો ન બને તેવી તકેદારીના ભાગરૂપે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે અને સમાજમાં દાખલારૂપ સજાના બનાવથી આવા બનાવો અટકી શકે તેવી માંગણી કરી હતી. આ તકે બહોળી સંખ્યામાં મુસ્લિમ સમાજના આગેવાનો જિલ્લા કલેકટર કચેરી ખાતે એકઠા થયા હતા.

અમરેલી ટાવર રોડ પર આવેલ ૮૦ વર્ષ જૂનું જાહેર શૌચાલય બંધ થતા વેપારીઓએ નોંધાવ્યો વિરોધ

નગરપાલિકાએ તાત્કાલીક દિવાલ તોડી શૌચાલય શરૂ કરાવ્યું

અમરેલી, તા.૦૭



અમરેલી શહેરમાં ટાવર રોડ પર આવેલ નગરપાલિકા હસ્તકનું ૮૦ વર્ષ જૂનું ગાયકવાડ સરકાર વખતનું શૌચાલય બંધ થતા વેપારીઓ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. અંદાજિત ૨૦૦ જેટલા વેપારીઓએ ટાવર ચોકમાં બેસીને શૌચાલય ખોલાવવા માટેના સૂત્રોચ્ચાર કર્યા હતા. ટ્રાફિક જામ થતા સ્થળ પર પોલીસ ટીમ સ્થળ પર દોડી ગઈ હતી. વેપારીઓ દ્વારા છેલ્લા ૧૫ દિવસથી વિરોધ ચાલુ હતો છતાં કોઈ ન્યાય નહીં મળતા આજે ગાંધી ચિંધ્યા માર્ગે વિરોધ નોંધાવ્યો હતો. આ વિસ્તારમાં ફક્ત એક જ શૌચાલય છે તે પણ બંધ કરી દેવામાં આવ્યું છે જેને ફરી શરૂ કરવામાં આવે તેવી વેપારીઓએ માંગ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે કેટલાક લોકોએ ગંદકીને કારણે શૌચાલયમાં જવાનો રસ્તો બંધ કરી દીધો છે જેના કારણે આ વિવાદ ઉભો થયો છે. આ અંગે નગરપાલિકા દ્વારા તાત્કાલીક દિવાલ તોડી શૌચાલય શરૂ કરી દેવાયું હતું.

અમરેલીમાં લાઠી રોડ પર આવેલ પોલીસ ચોકીના ગાર્ડનમાંથી મોટર કેબલની ચોરી

અમરેલી, તા.૦૭

અમરેલીમાં લાઠી રોડ પર આવેલ પોલીસ ચોકીના ગાર્ડનમાંથી મોટર કેબલની ચોરી થઈ હતી. બનાવ સંદર્ભે ભરતભાઈ મનુભાઈ સાવલીયા (ઉ.વ. ૫૪)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ અમરેલી શિતલ આઈસક્રીમમાં લાઠી રોડ પર આવેલા ગાર્ડનમાં માળી તરીકે કામ કરે છે. ગાર્ડનમાં દારની મોટર ખરાબ થઈ જતા મોટર તેમજ ૧૧૦ મીટર કોપરનો વાયર બહાર કાઢ્યો હતો. તે કોપરનો વાયર ૧૧૦ મીટર આશરે કિં.રૂ.૭૦૦૦ ની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી.વી. સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

આશરે કિં.રૂા.૭૦૦૦ના ૧૧૦ મીટર કોપરના વાયરની ચોરી

રાજુલાના ઘુઘરીયાળી માતાજીના મંદિરે યોજાયો બ્લડ ડોનેશન અને સર્વ રોગ નિદાન કેમ્પ

રાજુલા,તા.૦૭



રાજુલા તાલુકાના આસ્થાના પ્રતિક સમાન ઘુઘરીયાળી માતાજીના મંદિરે સ્વર્ગવાસી મહંત બાવનદાસ બાપુની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે તેમના પરિવાર દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ અને સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં અમરેલી શાંતાબા મેડિકલ કોલેજની ટીમ અને રાજુલાની સદવિચાર હોસ્પિટલના ડોક્ટરોએ પોતાની સેવાઓ આપી હતી. આ કાર્યક્રમમાં રાજુલા શહેરના અગ્રણીઓ, વેપારીઓ અને વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી અને મંદિરના મહંત અશોક બાપુએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. બ્લડ ડોનેશન કેમ્પમાં લોકોએ ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું. સદવિચાર હોસ્પિટલના ડોક્ટરોએ પણ રક્તદાન કરીને માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. સર્વ રોગ નિદાન કેમ્પમાં કુલ ૧૦૭ દર્દીઓએ લાભ લીધો હતો અને બ્લડ ડોનેશન કેમ્પમાં ૨૨ બોટલ રક્ત એકત્રિત થયું હતું. કાર્યક્રમના અંતે મહંત અશોક બાપુએ ઉપસ્થિત સૌનો આભાર માન્યો હતો. ત્યારબાદ, મહેમાનો અને સેવાભાવી વ્યક્તિઓ માટે પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૨૦૦ લોકોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

ધારીના ખોજા સમાજના આગેવાન રજબભાઈ ચાવડાનું દુઃખદ નિધન

ધારી,તા.૦૭



ધારીના ખોજા સમાજના જાણીતા આગેવાન રજબભાઈ વલીભાઈ ચાવડા (ઉં.વ. ૮૩)નું તા. ૨ માર્ચના રોજ દુઃખદ નિધન થયું છે. તેમના નિધનથી ધારીમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. રજબભાઈ ચાવડા ધારી ખોજા સમાજના માજી મુખી હતા. તેઓ અમીન ન્યૂઝ એજન્સીના સંચાલક પણ હતા. તેમના પુત્રો નિજારભાઈ અને નુરદીનભાઈ હાલ પત્રકાર તરીકે કાર્યરત છે. સદગતનું બેસણું તા. ૮ માર્ચ, શનિવારના રોજ સાંજે ૪ થી ૬ વાગ્યા દરમિયાન તેમના નિવાસસ્થાન, નવી વસાહત, યોગીનગર મહિલા હોસ્ટેલની બાજુમાં, ધારી ખાતે રાખવામાં આવ્યું છે.

અમરેલી એસ.ટી. ડિવિઝનમાં પુરુષો સાથે ખભેખભો મિલાવી ૧૭૫ મહિલા કંડકટર અદા કરી રહી છે ફરજ

અમરેલી, તા.૦૭



શક્તિના અવતારસમી સ્ત્રીઓ કોઈપણ ક્ષેત્રમાં આગળ વધે છે અને તે અન્યને પણ પારિવારિક, સામાજિક અને વ્યવસાયિક જવાબદારીઓ એકસાથે કઈ રીતે નિભાવવી તેની પ્રેરણા પૂરી પાડવા સક્ષમ છે, આ માટે તેઓ તેનું દ્રષ્ટાંત છે તેની પણ મહિલાઓ પ્રતીતિ કરાવે છે. અમરેલી એસ.ટી. ડિવિઝનમાં ૧૭૫ જેટલી મહિલા કંડકટર પુરુષો સાથે ખભેખભો મિલાવી પોતાની ફરજ અદા કરી રહી છે. આ મહિલાઓ તેમની પારિવારિક, સામાજિક અને વ્યવસાયિક જવાબદારીઓ સુપેરે નિભાવી રહી છે. અમરેલી ડિવિઝનમાં વિભાગીય પરિવહન અધિકારી તરીકે ફરજ નિભાવતા સુ એચ.આર. કટારા કહે છે કે, આ ડિવિઝનમાં ૧૭૫ જેટલી મહિલા કંડકટર જુદાં-જુદાં રુટ પર ફરજ અદા કરી રહી છે, ઉપરાંત રાજુલા અને બગસરા એસ.ટી. બસ ડેપોના ડેપો મેનેજર તરીકે બે મહિલાઓ સુપેરે સંચાલન કરી રહી છે. રાજયની આ પરિવહન સેવાઓમાં મહિલાઓનો ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે.

અવસાન નોંધ

બગસરા

ગં.સ્વ. રમાબેન (ગોદાવરીબેન) (ઉ.વ.૯૪) નું દુઃખદ અવસાન થયેલ છે. તે ગૌ.વા. બળવંતભાઈ, ચંદુભાઈ (સસ્તા અનાજવાળા), નરેન્દ્રભાઈના માતૃશ્રી છે. તેમની સદગતની અંતિમયાત્રા સવારે ૯:૦૦ કલાકે તેમના નિવાસ સ્થાને ભવાની કોમ્પલેક્ષ જુના બસ સ્ટેશન પાસે બગસરાથી રાખેલ છે. તથા તેમનું સદગત ઉઠમણું/બેસણું તા.૦૮/૦૩/૨૦૨૫ ને શનિવારના રોજ ૪થી ૬ લોહાણા મહાજન વાડી અમરેલી રોડ બગસરા ખાતે રાખેલ છે.


સાવરકુંડલાની વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં ૩૮મો વાર્ષિકોત્સવ ઉજવાયો

સાવરકુંડલા,તા.૦૭



સાવરકુંડલામાં શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં તા.૬-૩-૨૫ના રોજ ૩૮મા વાર્ષિકોત્સવનું આયોજન કરાયું હતું. આ તકે ડો. દિપકભાઈ શેઠ અને મુખ્ય વક્તા તરીકે લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઈનોવેશન સણોસરાના ઉપકુલપતિ ડો. વિશાલભાઈ ભાદાણી પણ ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોનું સ્વાગત કોલેજના કાર્યકારી આચાર્ય ડી.એલ. ચાવડાએ કર્યું હતું. પ્રા. છાયાબેન શાહે કોલેજ વિશે વાત કરી હતી અને ત્યારબાદ ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

ડો. વિશાલભાઈ ભાદાણીએ વિદ્યાર્થિનીઓને ટેકનોલોજીનો ઉપયોગ કરીને કારકિર્દીનું ઘડતર કરી, પોતાની સ્વ-ઓળખ કઈ રીતે ઊભી કરવી, પોતાના માતા-પિતાને કઈ રીતે મદદરૂપ થવું તે વિશે પ્રેરક પ્રવચન આપ્યું હતું. ડો દીપકભાઈ શેઠે પણ વિદ્યાર્થિનીઓને પોતાનું ધ્યેય કઈ રીતે પ્રાપ્ત કરવું, તે પોતાનું વ્યક્તિગત દૃષ્ટાંત આપીને સમજાવ્યું હતું. મેનેજિંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચા, પ્રમુખ ચંદ્રિકાબેન ઘેલાણીએ પ્રેરક પ્રવચન આપેલ. આભાર દર્શન પ્રા.ડો. પ્રતિમાબેન શુક્લએ કર્યું હતું.



-//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૧૭/૨૦૨૫

અરજદાર :- શ્રી મગનભાઈ મોહનભાઈ ખુંટ
રહે. ગજેરાપરા, કુંડલા રોડ, ફુલનાથ મહાદેવ મંદિર સામેની શેરીમાં, અમરેલી તા.જી.અમરેલી

-: વિરૂધ્ધ :-

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. ચકકરગઢ, તા.જી.અમરેલી.

::જાહેર નોટીસ::

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચકકરગઢ ગામમાં અરજદારશ્રી મગનભાઈ મોહનભાઈ ખુંટ તેઓના સાળા ભરતભાઈ પરસોતમભાઈ પટેલની જન્મ (તા.૧૬/૦૫/૧૯૬૮) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૧૨/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

અમરેલી જિલ્લામાં વિધાનસભાની ચૂંટણી માટે ભાજપે પ્રતિનિધિના નામ જાહેર કર્યા

અમરેલી. તા.૦૭

અમરેલી જિલ્લામાં ભાજપે આગામી વિધાનસભા ચૂંટણીની તૈયારી શરૂ કરી દીધી છે. જેને લઈ વિધાનસભા પ્રતિનિધિના નામ જાહેર કર્યા હતા. જેમાં ૯૪ - ધારી વિધાનસભામાં મનસુખભાઈ સુખડીયા, ૯૫ - અમરેલી વિધાનસભામાં દિનેશભાઈ પોપટ, ૯૬ - લાઠી વિધાનસભામાં ચંડીદાનભાઈ ગઢવી, ૯૭ - સાવરકુંડલા વિધાનસભામાં કેશુભાઈ વાઘેલા, ૯૮ - રાજુલા જાનીના નામની જાહેરાત વિધાનસભામાં જેન્તીભાઈ કરવામાં આવી હતી.

સંકુલ બપોરની ગર્લ્સ સ્કૂલ - ધો. ૧૧-૧૨ કોમર્સ પ્રવેશ
સંકુલ સવારની મિશ્ર સ્કૂલ - ધો. ૧૧-૧૨ કોમર્સ પ્રવેશ
સંકુલ સવારની ઈ.મી. સ્કૂલ - ધો. ૧૧-૧૨ કોમર્સ પ્રવેશ
★ ગુ.મી. ગર્લ્સ સ્કૂલ માં હોસ્ટેલ ગર્લ્સ & સીટી ગર્લ્સને પ્રવેશ મળશે.(બપોર)
★ ગુ.મી. મિશ્ર સ્કૂલમાં સીટી કુમાર & સીટી ગર્લ્સને સ્વૈછીક પ્રવેશ મળશે.(સવાર)
★ થ્રુ આઉટ ઈ.મી. મિશ્ર સ્કૂલ & ધો. ૧૦ GM ટુ ધો. ૧૧ EM કોમર્સ મિશ્ર સ્કૂલ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:- શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ - ચક્કરગઢ રોડ અમરેલી - Ad 123

નિત્યા સ્કીન ક્લિનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

ડો. જુહી ઠક્કર M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ

ઉપલબ્ધ સારવાર
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર

ડો. પ્રતિક પ્રજાપતિ M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

લાઠી નજીક છકડા-બાઇકની ટક્કરમાં ત્રણ જણાના મોત

ખારા ગામના એક જ પરિવારના ત્રણ સભ્યો કાળનો કોળિયો બની ગયા

અમરેલી, તા.૭

અમરેલી જિલ્લામાં અકસ્માતના વિવિધ ત્રણ બનાવ બન્યા હતા. જેમાં ત્રણ લોકોના મૃત્યુ થયા હતા અને પાંચ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. લાઠી તાલુકાના હાવતડ અને ઈંગોરાળા ગામ વચ્ચે છકડો રીક્ષા અને બાઈક વચ્ચે ટક્કર થઈ હતી. લીલીયા નજીક આવેલા ખારા ગામના જગદીશભાઈ મોહનભાઈ વાઘેલા, દિનેશભાઈ મનુભાઈ વાઘેલા અને દિનેશભાઈની બે વર્ષની પુત્રી રાજલ ત્રણ સવારી બાઈકને દામનગર જવા નીકળ્યા હતા. આ દરમિયાન સામેથી આવી રહેલા છકડો રીક્ષા સાથે ટક્કર સર્જાતા એક જ પરિવારના ત્રણેય સભ્યોનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું, જ્યારે રીક્ષા ચાલકને ગંભીર ઈજા પહોંચતાં હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતની જાણ થતાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને તપાસ હાથ ધરી હતી. અકસ્માતની બીજી ઘટનામાં બાબરાના કીડી ગામે રહેતા પુજાબેન દિનેશભાઈ પરમારે તેમના જ ગામના ઓટો રીક્ષા ગાડી રજી.નં. GJ-૧૪-Y-૩૩૩૬ના ચાલક રમેશભાઈ જસાભાઈ પરમાર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, કરીયાણાથી બાબરા તરફ જવાના રસ્તે ખોડીયાર માતાજીના મંદિર પાસે આરોપીએ રીક્ષા પરનો કાબુ ગુમાવી દેતાં રોડથી નીચે ખાળીયામાં ઉતરી ગઈ હતી. જેના કારણે રીક્ષામાં બેસેલ તેઓ તથા સાહેદોને મુંઢ તથા ગંભીર ઈજાઓ પહોંચી હતી. ત્રીજા બનાવમાં લીલીયાના ભોરીંગડા ગામના ભુપતભાઈ વલ્લભભાઈ સોલંકીએ ટ્રક નં. GJ-૧૪-AT-૯૦૧૬ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા સાહેદ તેમની ટાટા ટીયાગો રીક્ષા રજી. નં.GJ-૦૪-AT-૨૪૫૩ની લઈને મોટી કુંકાવાવ નજીક સ્વામિનારાયણ મંદિરના પુલ પાસે પહોંચતા પાછળથી ટ્રક નં.GJ-૧૪-AT-૯૦૧૬ના ચાલકે પોતાનો હવાલાનો ટ્રક પુરઝડપે ગફલતભરી રીતે માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી તેમની રીક્ષાને ઠોકર મારતાં ખાળીયામાં ઉતરી ગઈ હતી. જેના કારણે સાથળમાં તથા પડખામાં મુંઢ ઈજા થઈ હતી. તેમજ સાહેદોને પણ ઈજા પહોંચી હતી. અકસ્માત સર્જી ટ્રક ચાલક ફરાર થઈ ગયો હતો.

ચાવંડ લેઉવા પટેલ સમાજ દ્વારા ખોડલધામ ખાતે ધ્વજારોહણ કરાયું



અમરેલી,તા.૦૭

સમસ્ત ચાવંડ લેઉવા પટેલ સમાજ દ્વારા ખોડલધામ કાગવડ ખાતે ધ્વજારોહણનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં બહોળી સંખ્યામાં લાઠી તાલુકાના દરેક ગામોમાંથી લોકોએ હાજરી આપી હતી. ધ્વજારોહણ દરમ્યાન જીતુભાઈ ભુવા, વિપુલભાઈ ગજેરા, રસીકભાઈ કલકાણી, શૈલષભાઈ વઘાસીયા, લાઠી ખોડલધામ સમિતિના પ્રમુખ અશોકભાઈ ભાદાણી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને ભક્તિભાવના માહોલમાં ધ્વજારોહણ કરાયુ હતું.

વડીયાના તાલાળી ગામે બીમારીથી કંટાળી પુરુષે ઝેરી ટિકડા પીધા

વડીયા પોલીસે વધુ તપાસ હાથ ધરી

વડીયા, તા.૭

વડીયાના તાલાળી ગામે રહેતા એક પુરુષે કેન્સરની બીમારીથી કંટાળીને ઝેરી ટિકડા પીધા હતા. જેને લઈ સારવારમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. બનાવ અંગે શોભનાબેન રાજેશભાઈ સોલંકી (ઉ.વ.૩૯) એ જાહેર કર્યા મુજબ, તેમના પતિ રાજેશભાઈ ઉર્ફે રાજુભાઈ મનજીભાઈ સોલંકી (ઉ.વ.૪૦) એ કેન્સરની બીમારીથી કંટાળીને મોટી કુંકાવાવ આઉટ પોસ્ટ બહાર ઘઉંમાં નાખવાના ઝેરી ટિકડા પી લીધા હતા. સારવાર દરમિયાન તે મરણ પામ્યા હતા. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.પી. ધાંધલા વધુ તપાસ કરી રહ્યા છે.

રાજુલામાં સંઘવી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં વિવિધ મહોત્સવ સમારંભ યોજાયો

રાજુલા, તા.૭

રાજુલા એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન શ્રીમતી એચ. બી.સંઘવી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના અદ્યતન વિશાળ બિલ્ડીંગનું માનનીય સ્થાપક ટ્રસ્ટી હિન્દુસ્તાન પેન્સિલ્સ પ્રા.લિ. કંપની પરિવાર તથા ભાવનગર સ્થિત PNR ટ્રસ્ટીના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.



સ્થાપક પરિવાર તથા ટ્રસ્ટી અનંતભાઈ શાહના વરદ હસ્તે તક્તિનું અનાવરણ થયું હતું. સાથે-સાથે કન્યા કેળવણીના પ્રખર હિમાયતી અને કોલેજના સ્થાપક ભાઈદાસભાઈ સંઘવી તથા શ્રીમતી હીરાલક્ષ્મીબેનના જન્મ શતાબ્દીએ દ્વિપાંખી ઉત્સવ સમારંભ થયો હતો. પ્રારંભમાં ટ્રસ્ટી પરિવારના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય બાદ ટ્રસ્ટી દ્વારા કન્યા કેળવણીને દર્શાવતી ડોક્યુમેન્ટરી ફિલ્મને વિશાળ સ્ક્રીન પર આમંત્રિતો અને નગરજનોને દ્રશ્યમાન કરાવી હતી. આ તકે કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ, ટ્રસ્ટી પરિવાર, વાલી તથા વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. આ સમારંભમાં પૂર્વ ધારાસભ્ય અમરીષભાઈ ડેર, વર્તમાન ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના પ્રતિનિધિ રસિકભાઈ પારેખનું પુષ્પમાળાથી અભિવાદન કરવામાં આવ્યું હતું.

લાઠીમાં વેપારીને જાનથી મારી નાખવાની ધમકી આપી

લાઠી, તા.૭

લાઠીમાં એક વેપારીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. અંકુરભાઈ કીર્તિભાઈ સરખેજીયા (ઉ.વ.૪૦)એ ભોળાભાઈ મેઘાભાઈ મેર તથા અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ તથા સાહેદ કીર્તિભાઈ પોતાના રહેણાંક મકાને હાજર હતા તે દરમિયાન ગુનો કરવાના ઈરાદે તેના ઘરમાં પ્રવેશ કરી તેમને તથા સાહેદ કીર્તિભાઈને જેમફાવે તેમ ગાળો આપી હતી. જે બાદ સાહેદ કીર્તિભાઈએ બહાર કોલેજે જઈ વાતચીત કરવા જણાવ્યું હતું. તેઓ તથા સાહેદ બન્ને ગાયત્રી કોલેજે જતા તેમને જેમફાવે તેમ ગાળો આપી ઢીકાપાટું વતી માર માર્યો હતો. ઉપરાંત લોખંડનો પાઈપ મારી ઈજા પહોંચાડીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.કે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

લીલીયા પંથકમાં પરિણીતાના ઘરમાં ઘૂસી યુવકે હાથ પકડી બિભત્સ માંગણી કરી

કોઈને વાત કરીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી પણ આપી

લીલીયા, તા.૭

અમરેલી પંથકમાં બહેન-દીકરીની સલામતી પર પ્રશ્નાર્થ ઉભા થયા છે. લીલીયા પંથકમાં પરિણીતાના ઘરમાં ઘૂસીને યુવકે હાથ પકડી બિભત્સ માંગણી કરી હતી. ઉપરાંત વાત કોઈને કરીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી પણ આપી હતી. બનાવ સંદર્ભે પરિણીતાએ સનાળીયા ગામના જતીનભાઈ સુરેશભાઈ ગંભીર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી આશરે એકાદ મહિનાથી પીછો કરી અવાર-નવાર બિભત્સ માંગણીઓ કરતો હતો.

બે દિવસ પહેલા બપોરે તેઓ ઘરે એકલા હતા ત્યારે આરોપીએ ઘરમાં પ્રવેશી તેનો હાથ પકડી જાતીય સતામણી કરીને બિભત્સ માંગણી કરી હતી. જેથી તેમણે ના પાડતાં ગાળો આપી હતી અને આ વાત કોઈને કહેશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ સી. બી. ટીલાવત વધુ તપાસ કરી રહ્યા છે.

જાફરાબાદના હેમાળ ગામે કિશોરના માથામાં લોખંડનો સળિયો માર્યો

જાફરાબાદ, તા.૭

જાફરાબાદના હેમાળ ગામે એક કિશોરના માથામાં લોખંડનો સળિયો મારવામાં આવ્યો હતો. આ અંગે તેણે રમેશભાઈ બાલુભાઈ બારૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તેના મિત્ર અરબાઝ સાથે તેના શેઠની રીક્ષા લઈને હેમાળ ગામે સોડા આપવા આવ્યા હતા. તે દરમિયાન હેમાળ ગામના રમેશભાઈ (આરોપી) તેની મોટર સાયકલ લઈને તેમની રીક્ષાની બાજુમાંથી પસાર થયા હતા ત્યારે આરોપી તેમની સામું જોઈને કાઈંક બોલ્યા હતા. જેથી તેમણે આરોપી સામે કાતર મારીને જોયું હતું. બાદમાં તેઓ અને તેનો મિત્ર બંને હેમાળ ગામના ભુપતભાઈની દુકાને સોડા આપવા ગયા અને બહાર રસ્તામાં ઉભા હતા ત્યારે આરોપીએ આવીને માથાના પાછળના ભાગે લોખંડના સળીયાનો એક ઘા માર્યો હતો અને ગાળો આપી હતી.

જાફરાબાદ ખાતે અમરેલી એસ.પી.ના અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિની બેઠક મળી

જાફરાબાદ, તા.૭

જાફરાબાદ શહેરમાં હોળી-ધૂળેટી અને રમઝાન માસ શાંતિપૂર્ણ રીતે મનાવવામાં આવે તે હેતુ સાથે અમરેલી એસ.પી. સંજય ખરાટ દ્વારા શાંતિ સમિતિની બેઠક બોલાવવામાં આવી હતી. જાફરાબાદ શહેરમાં હોળી ધૂળેટીનો તહેવાર એટલે મોટો તહેવાર કહેવામાં આવે છે. અહીં હોળી ધૂળેટીના દિવસે કોળી અને ખારવા સમાજની



અલગ અલગ ગેર નીકળતી હોય છે અને તેમાં શાંતિપૂર્ણ રીતે આ આયોજન થાય તે હેતુ સાથે જાફરાબાદ ટાઉન પીઆઈ જે.આર. ભાચકન, પીએસઆઈ પલાસ તેમજ સ્ટાફ સાથે રહીને જાફરાબાદના દરેક સમાજના આગેવાનો સાથે ટાઉન હોલમાં શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: નવમી
તા. ૦૮-૦૩-૨૦૨૫, શનિવાર, સૂર્યોદય-૦૬:૩૯,
સૂર્યાસ્ત-૦૬:૨૫, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: આર્દ્રા

દૈનિક રાશિફળ

તા.૦૮-૦૩-૨૦૨૫ શનિવાર

મેષ: આજે પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળવાની તક છે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી રહેશે.

વૃષભ: આજે તમારે કડવાશને મીઠાશમાં ફેરવવાની કળા શીખવી પડશે. ઓફિસ હોય કે ઘર આજે તમને દરેક જગ્યાએ તમારા જીવનસાથીનો સહયોગ મળશે.

મિથુન: આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ મેળવી શકાય છે.

કર્ક: આજે સંતોષ અને શાંતિનો દિવસ છે. આજે જ્યાં રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નો સફળ થશે ત્યાં શાસન અને સત્તા સાથે જોડાણમાં ફાયદો પણ મળી શકે છે.

સિંહ: આજે તમારા સ્વાસ્થ્ય અને આનંદમાં અડચણ આવી શકે છે. દિવસના બીજા ભાગમાં કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને અચાનક સફર પર જવું પડી શકે છે.

કન્યા: આજે કોઈ કિંમતી વસ્તુ ખોવાઈ જવા અથવા ચોરી થવાનો ભય રહેશે. કોઈપણ અટકેલા કામ સાંજે પૂર્ણ થઈ શકે છે.

તુલા: આજે તમે સંતાન સંબંધિત બાબતોથી ચિંતિત રહી શકો છો. જે લોકોના પારિવારિક જીવનમાં તણાવ ચાલી રહ્યો છે તેમાં આજે ઘટાડો થશે, સંબંધો વધુ સારા બનશે.

વૃશ્ચિક: આજીવિકાના ક્ષેત્રમાં આજે પ્રગતિ થઈ શકે છે. આ સિવાય આજે પ્રતિષ્ઠામાં વધારો થવાના સંકેત છે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે.

ધન: આજે આવકના નવા સ્ત્રોત મળશે. નમ્ર વાણીથી આદર મળશે. શિક્ષણ- સ્પર્ધામાં વિશેષ સફળતા પ્રાપ્ત થઈ શકે છે. આજે આખો દિવસ કાર્યસ્થળમાં વ્યસ્ત રહેશો.

મકર: આજે તમે કેટલીક આંતરિક સમસ્યાઓથી પીડાઈ શકો છો. આવી સ્થિતિમાં તમારા માટે તે સારું રહેશે કે તમે વિલંબ કર્યા વિના ડોક્ટરને મળો.

કુંભ: આજે રોજગાર-ધંધાના ક્ષેત્રે ચાલી રહેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. સંતાન તરફથી સંતોષકારક સુખદ સમાચાર મળવાની સંભાવના પણ છે.

મીન: આજે તમારી આજુબાજુ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના તમામ સભ્યોની ખુશીમાં વધારો થશે. કેટલાક મોટા વ્યવહારોની સમસ્યા જે ઘણા દિવસોથી ચાલી રહી છે તે ઉકેલાઈ શકે છે.

લાયન્સ ક્લબ ઓફ અમરેલી દ્વારા લીલીયામાં વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો

અમરેલી, તા.૦૭

અંધત્વ નિવારણ માટે લીલીયા મોટા ખાતે શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ, લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી), ભુરખીયા ચેરીટેબલ ટ્રસ્ટ, સુદર્શન નેત્રાલય, અને રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈના આર્થિક સહયોગથી સત્તરમો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ ૦૬-૦૩-૨૦૨૫ના રોજ યોજાયો



હતો. આ કેમ્પનું દિપ પ્રાગટ્ય શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ બાબુભાઈ ધામત અને ઉપપ્રમુખ મનસુખભાઈ ગાંગડીયાએ કર્યું હતું. તેમણે લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી)ની અંધત્વ નિવારણ અંગેની કામગીરીને બિરદાવી હતી. આ કેમ્પનો ૮૩ દર્દીઓએ લાભ લીધો હતો અને ૨૭ દર્દીઓને નેત્રમણી આરોપણ કરવામાં આવેલ હતી. આ કેમ્પને સફળ બનાવવા મંદિર ટ્રસ્ટ ઉપરાંત લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી) તરફથી પૂર્વ પ્રમુખ લાયન પ્રા.એમ.એમ. પટેલ, સેક્રેટરી લાયન ભદ્રેશસિંહ પરમાર, લાયન રમેશભાઈ ગોલ, ટ્રેઝરર લાયન સાહસભાઈ ઉપાધ્યાય વગેરેએ જહેમત ઉઠાવી હતી તેમ લાયન મનોજભાઈ કાનાણી જણાવે છે.

સાવરકુંડલામાં રાશનકાર્ડ ધારકોએ વોર્ડમાં દુકાન શરૂ કરાવવા મામલતદારને આવેદનપત્ર આપ્યું

સાવરકુંડલા, તા.૦૭

સાવરકુંડલા શહેરના વોર્ડ નંબર ૮માં ખાદી કાર્યાલય પાછળના અંદાજે ૧૪૦૦ કરતા વધુ રાશનકાર્ડ ધરાવતી અનાજ વિતરણની સુવિધા છેલ્લા ૫ વર્ષથી આ વિસ્તારમાં નથી. પ્રથમ રાશનની દુકાન ધરાવતા સ્વ. વિનોદભાઈ વિંઝુડાના અવસાન પછી આ વિસ્તારને રાશન ફાળવણીની કોઈ યોગ્ય વ્યવસ્થા થયેલ નથી. આ વિસ્તારના લોકોને પોતાના કામધંધા પડતાં મૂકીને પારાવાર મુશ્કેલીઓ વેઠી શિવાજીનગરમાં જવું પડે છે. આ રહેવાસીઓને રેલવેના પાટા ઓળંગીને છેક શિવાજીનગરમાં અંદાજીત ૩ કિ.મી. કરતાં વધું દૂર રાશન લેવા જવું પડે છે. આથી સ્થાનિક રહીશોએ વિસ્તારમાં દુકાન માટે યોગ્ય જગ્યા ફાળવવા માટે મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું. આ ઉપરાંત જો યોગ્ય નિર્ણય નહી લેવામાં આવે તો મામલતદાર કચેરી સામે ગાંધી ચિધ્યા માર્ગે આમરણાંત ઉપવાસ આંદોલન ચાલુ કરવાની ફરજ પડશે એવી ચીમકી પણ ઉચ્ચારી હતી.

અમરેલીમાં શિક્ષક સાયબર ક્રાઈમનો ભોગ બન્યો


અમરેલી, તા.૭

અમરેલી પોલીસ સાયબર ક્રાઈમને લઈ અવેરનેસ કાર્યક્રમો કરી રહી છે, તેમ છતાં લોકો સાયબર ક્રાઈમનો ભોગ બની રહ્યા છે. અમરેલીમાં રહેતા એક શિક્ષક સાયબર ક્રાઈમનો ભોગ બન્યા હતા. કિરણકુમાર હરજીવનભાઈ વિસાણી (ઉ.વ.૪૪) એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, અજાણ્યા વ્યક્તિએ તેમની જાણ બહાર એક્સિસ બેંકનાં ક્રેડિટ કાર્ડનો દુરઉપયોગ કરી તેમાં રૂ.૪૦,૭૨૪ તથા રૂ.૪૧,૧૩૨ ના બે અલગ-અલગ ટ્રાન્જેક્શન દ્વારા કુલ રૂ.૮૧,૮૫૬ નું ફોડ કર્યું હતું. જે રકમની ભરપાઈ ન કરતા તેના વધતા વ્યાજ સાથે હાલ ભરવાના થતા રૂ.૯૪,૩૮૬ ની ફરિયાદી સાથે છેતરપિંડી કરી હતી. અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના કે.વી. ચુડાસમા વધુ તપાસ કરી રહ્યા છે.

મોંઘીબા મહિલા કોલેજમાં પ્રો. એન.કે. ત્રિવેદી સ્મૃતિ વ્યાખ્યાનમાળા યોજાઈ

અમરેલી, તા.૦૭

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજમાં સ્થાપક પૂર્વ આચાર્ય સ્વ. પ્રો. એન.કે. ત્રિવેદી સ્મૃતિ વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના અંગ્રેજી વિભાગ દ્વારા ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ કોલેજના પ્રથમ ભૂતપૂર્વ સ્થાપક આચાર્યની સ્મૃતિના માનમાં પ્રો. એન.કે. ત્રિવેદી સ્મૃતિ વ્યાખ્યાનમાળાનું



આયોજન કરવામાં આવ્યું હતું. "પશ્ચિમી વિવેચનઃ તેની ઉત્પત્તિ અને વિકાસ" વિષય પર પ્રતાપરાય આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના અંગ્રેજી વિભાગના પ્રોફેસર અને વડા પ્રો. ડૉ. અશોક ચંદ્રવાડિયાએ મુખ્ય વક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને સર્વધર્મ સમભાવની પ્રાર્થના સાથે થઈ હતી. પ્રો. એન.કે. ત્રિવેદીના પત્ની શારદાબેનનું શાલ અને પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું અને તેમના પુત્ર સ્નેહલભાઈ ત્રિવેદીને સ્મૃતિભેટ આપવામાં આવી હતી. કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. બી.આર. ચુડાસમાએ પ્રો. એન.કે. ત્રિવેદીના યોગદાન વિશે વાત કરી હતી. કાર્યક્રમમાં ઓરોમા ઈન્સ્ટિટ્યૂટના સંસ્થાપક સ્વાતિબેન જોશી અને અમરેલી જિલ્લા બાળભવનના ડિરેક્ટર નિલેશભાઈ પાઠકે પણ હાજરી આપી હતી.

તંત્રી લેખ

વિશ્વ પરથી અમેરિકાનો આર્થિક રાજકીય પ્રભાવ ખતમ થશે

અમેરિકાના પ્રેસિડન્ટ ટ્રમ્પ હાલમાં જે રીતે વિશ્વના દેશો સાથે વર્તી રહ્યા છે તે જોતા યુરોપ, એશિયા અને ચીન સહિતના દેશો અમેરિકાની સામે પડ્યા છે. ચીન અમેરિકાએ છોડેલી જગ્યાઓ પર પહોંચી જશે. મતલબ કે અમેરિકાનું અત્યાર સુધી વિશ્વના દેશ ઉપર આધિપત્ય અને દાદાગીરી હતી તે હવે ખતમ થાય તેવા સંજોગો દેખાઈ રહ્યા છે. અમેરિકાના સ્થાને હવે ચીનનો પાવર વધી રહ્યો છે તેનું મુખ્ય કારણ અમેરિકાના પ્રેસિડેન્ટની હરકતો છે. વિશ્વના કોઈપણ દેશને ધાક ધમકી આપવાનું તેનું મુખ્ય કામ છે. તેઓ પોતાના મિત્ર દેશોને પણ દબાવે છે. તે માને છે કે અમેરિકા જગતમાં સૌથી વધુ તાકાતવાન છે. પરંતુ તેઓ ભૂલી જાય છે કે એશિયા, યુરોપના દેશો જો એક થઈ જાય અને એમાં પણ ચીન આવી જાય તો અમેરિકાનું સ્થાન નંબર વન પર કોઈ સંજોગોમાં રહી શકે નહીં. ટ્રમ્પ-પુતિન મિત્રતાના કારણે વિશ્વ વ્યવસ્થા બદલાઈ રહી છે. આજની દુનિયામાં ઝડપી રાજકીય સમીકરણો બદલાઈ રહ્યા છે. માત્ર ભૌગોલિક, રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક સંઘર્ષો જ નથી, આવી ઘણી પરિસ્થિતિઓ પણ સર્જાઈ રહી છે, જેના પરિણામો સુનામી જેવા વિનાશક હોઈ શકે છે. આવા સમયે, વૈશ્વિક શક્તિઓ, જો તેઓ લોકશાહી અને શાંતિપૂર્ણ વિકાસ પ્રત્યે તેમની સંવેદનશીલતાનો દાવો કરે છે, તો તેઓ બદલાતી વિશ્વ વ્યવસ્થાના સંકેતોને સમજશે અને તેને અસ્થિર થવાથી અટકાવશે તેવી અપેક્ષા છે. વધતું જતું વિભાજન અને ઊંડી થતી તિરાડોથી વિશ્વ વિભાજિત થશે. અમેરિકાનું નવું નેતૃત્વ વિશ્વને વિભાજિત કરવામાં વ્યસ્ત છે. તેના પરંપરાગત મિત્રો તેનાથી દૂર જઈ રહ્યા છે અને તેના પરંપરાગત દુશ્મનો નજીક આવી રહ્યા છે. જો અમેરિકા અને તેના મિત્રો, ખાસ કરીને યુરોપ વચ્ચેનો અણબનાવ વધશે, તો તેના પરિણામો શું આવશે? સવાલ એ પણ છે કે આ ગેપ કોણ ભરશે ? ટ્રમ્પ વહીવટીતંત્રની શરૂઆત સાથે જ અમેરિકા એવા પગલાં લઈ રહ્યું છે જે ચીન માટે નવી તકો ઊભી કરી શકે છે. અમેરિકાના વેપાર યુદ્ધ અને યુક્રેન અને કેનેડા, મેક્સિકો સહિતના કેટલાક યુરોપિયન દેશો સાથેની તેની વર્તણૂકને કારણે ઘણા જૂના સમીકરણો તૂટતા અને નવા રચાતા જણાય છે. તાજેતરમાં ઓવલ ઓફિસમાં જે કંઈ થયું તે ન તો અમેરિકા માટે સારું હતું કે ન તો વૈશ્વિક કૂટનીતિ માટે. આનાથી યુરોપમાં વિશ્વાસના અભાવથી પીડિત ચીન માટે નવી તકો ઊભી થઈ છે. આ અમેરિકા તેમજ સમગ્ર વૈશ્વિક વ્યવસ્થા માટે ખતરનાક સાબિત થશે. ચીન-રશિયા સંબંધો: ફેબ્રુઆરી ૨૦૨૨ માં રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયા પછી જ્યારે પશ્ચિમી દેશોએ રશિયા પર પ્રતિબંધો લાદ્યા, ત્યારે બેઈજિંગ અને મોસ્કો નજીક આવ્યા. તેની અસર ટ્રાન્સ-પેસિફિક, મધ્ય પૂર્વ અને અંશતઃ યુરોપ પર પણ જોવા મળી હતી. યુરોપમાં ઘૂસણખોરી: જો ચીન અને યુરોપ વચ્ચે નવા સમીકરણો રચાશે, તો તે માત્ર 'બેલ્ટ એન્ડ રોડ ઇનિશિયેટિવ' માટે જ તક નહીં સર્જશે પરંતુ ભૂ-રાજનીતિમાં પણ પરિવર્તન લાવશે. ચીન પહેલેથી જ આર્થિક કૂટનીતિ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. તે એશિયા, લેટિન અમેરિકા અને આફ્રિકાના અનેક દેશોને દેવાની જાળમાં ફસાવીને ઘૂસણખોરી કરી ચૂક્યો છે. ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટીની ૨૦મી કોંગ્રેસમાં પ્રમુખ શી જિનપિંગે જાહેરાત કરી કે ચીનનું લક્ષ્ય ૨૦૪૯ સુધીમાં વૈશ્વિક શક્તિ તરીકે નેતૃત્વ કરવાનું રહેશે. તે સૈન્ય તૈયારીઓ સાથે મલક્કાથી જિબુતી સુધી પોતાની દરિયાઈ શક્તિનો વિસ્તાર કરી રહ્યું છે. તે CPEC દ્વારા કાશગરથી ગ્વાદર સુધી લશ્કરી-આર્થિક દિવાલ બનાવવામાં સફળ રહ્યું છે, જે ભારત માટે પડકારરૂપ છે.

સ્પેસએક્સના સ્ટારશિપ રોકેટમાં ભયાનક વિસ્ફોટ



સ્પેસએક્સ સ્ટારશિપ એ એક રીયુઝેબલ સ્પેસલોન્ચ વાહન છે જે સ્પેસએક્સ દ્વારા વિકસાવવામાં આવી છે. તે પૃથ્વીની નીચલી કક્ષામાં માનવ સહિતના સર્વોત્તમ પેલોડ અને પેલેટ પેલોડને લઈ જવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. સ્ટારશિપનો પ્રથમ પ્રયોગ ૫ એપ્રિલ, ૨૦૨૩ના રોજ કેનેડી સ્પેસ સેન્ટરમાંથી થયો હતો. આ પ્રયોગ સફળ રહ્યો હતો અને સ્ટારશિપ પૃથ્વીની નીચલી કક્ષામાં સફળતાપૂર્વક પહોંચી ગયું હતું.

સ્ટારશિપ માટે આગળના મિશનમાં ચંદ્ર અને મંગળ પરના મિશનનો સમાવેશ થાય છે. સ્ટારશિપ માનવ સહિતના પેલોડ અને પેલેટ લઈ જવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે અને તે વિવિધ પ્રકારના મિશન માટે ઉપયોગમાં લેવામાં આવી શકે છે.

સ્ટારશિપ એ એક આધુનિક ટેકનોલોજી છે. આમ છતાં એલોન મસ્કનું સ્પેસએક્સ સ્ટારશિપ મિશન ફેલ થયું છે. એલોન મસ્કને વધુ એક આંચકો લાગ્યો, લોન્ચ પછી સ્પેસએક્સના સ્ટારશિપ રોકેટનો વિસ્ફોટ અને આકાશમાં સળગતો કાટમાળ દેખાયો, સ્પેસએક્સે અવકાશમાં સ્ટારશિપ પરનું નિયંત્રણ ગુમાવ્યું. ગુરુવારે લોન્ચ થયાના થોડી મિનિટો પછી એલોન મસ્કના સ્પેસએક્સે તેના સ્ટારશિપ પરનું નિયંત્રણ ગુમાવ્યું. અવકાશયાનમાં આગ લાગી અને વિસ્ફોટ થયો. સ્પેસએક્સે પાછળથી એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેઓ ડેટાની સમીક્ષા કરશે અને ભવિષ્યની ફ્લાઈટ્સ માટે સુધારા કરશે. સ્પેસએક્સનું સ્ટારશિપ રોકેટ લોન્ચ થયા પછી થોડીવારમાં ક્રેશ થયું છે. આના કારણે ફ્લોરિડા અને બહામાસના આકાશમાં અગનગોળા સાથે સળગતો કાટમાળ ધરતી પર પ્રચંડ ઝડપે પડતો દેખાયો. આમ છતાં કંપનીએ તેના મિશનને સંપૂર્ણ નિષ્ફળતા ગણાવ્યું નથી.

એલોન મસ્કનું સ્પેસએક્સ સતત નિષ્ફળતાઓનો સામનો કરી રહ્યું છે. વિશ્વના સૌથી ધનિક લોકોમાંના એક એલોન મસ્કની કંપની સ્પેસએક્સને ફરી એકવાર ઝટકો લાગ્યો છે. ગુરુવારે, સ્પેસએક્સનો અવકાશમાં તેના સ્ટારશિપ રોકેટ સાથેનો સંપર્ક લોન્ચ થયાની થોડી મિનિટો પછી જ તૂટી ગયો. આ પછી રોકેટનો આકાશમાં વિસ્ફોટ થયો અને કાટમાળમાં ફેરવાઈ ગયું. અવકાશમાં સ્ટારશિપ તૂટી પડ્યા પછી, તેના એન્જિન બંધ થઈ ગયા પછી, મિશનના લાઈવ સ્ટ્રીમમાં દક્ષિણ ફ્લોરિડા અને બહામાસ નજીકના આકાશમાં સળગતા કાટમાળના ટુકડાઓ દેખાઈ રહ્યા હતા. સ્પેસએક્સે કહ્યું છે કે લોન્ચ પછી તેના એન્જિન બંધ થઈ ગયા અને રોકેટ અવકાશમાં અનિયંત્રિત રીતે ફરવા લાગ્યું. તેના વીડિયોમાં દક્ષિણ ફ્લોરિડા અને બહામાસ નજીક સાંજના આકાશમાં આગના ગોળા જેવો કાટમાળ પડતો જોવા મળ્યો હતો. કાટમાળને કારણે અવકાશ પ્રક્ષેપણને મિયામી, ફોર્ટ લોડરડેલ, પામ બીચ અને ઓર્લાન્ડો એરપોર્ટ પર ઓછામાં ઓછા ૮ વાગ્યા સુધી

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

ગ્રાઉન્ડ સ્ટોપ પણ આપવામાં આવ્યો હતો.


સ્પેસએક્સે એક નિવેદન બહાર પાડ્યું. આ મિશનની નિષ્ફળતા બાદ સ્પેસએક્સે પોતાના નિવેદનમાં કહ્યું, 'સ્ટારશિપ જ્યારે ઉપર જઈ રહ્યું હતું ત્યારે તેની સાથે અનિયોજિત ઘટનાઓ બની અને સંપર્ક તૂટી ગયો.' તેના મૂળ કારણને વધુ સારી રીતે સમજવા માટે અમે આ ટ્રાયલના ડેટાની સમીક્ષા કરીશું. જોકે, હંમેશની જેમ, આજની ફ્લાઈટ અમને સ્ટારશિપની વિશ્વસનીયતા સુધારવા માટે વધારાના પાઠ પૂરા પાડશે. લગભગ બે મહિનામાં સ્ટારશિપ માટે આ બીજી નિષ્ફળતા છે. જાન્યુઆરીની શરૂઆતમાં, કંપનીનું લોન્ચિંગ નિષ્ફળ ગયું અને રોકેટનો સળગતો કાટમાળ ટર્ક્સ અને કૈકોસ ટાપુઓ પર પડ્યો. સ્પેસએક્સે ગુરુવારે અવકાશમાં એક મોક સેટેલાઈટ છોડવા માટે એક વિશાળ સ્ટારશિપ રોકેટનું પરીક્ષણ ઉડાન ભર્યું. ૪૦૩ ફૂટ (૧૨૩ મીટર) ઊંચું રોકેટ ટેક્સાસથી છોડવામાં આવ્યું. જ્યારે તે હિંદ મહાસાગર ઉપર ઘણું આગળ વધી રહ્યું હતું, ત્યારે તેનો તેના ક્રૂ સાથેનો સંપર્ક તૂટી ગયો. સોશિયલ મીડિયા પરના ઘણા વીડિયોમાં દક્ષિણ ફ્લોરિડા અને બહામાસ નજીક આકાશમાં અવકાશયાનમાંથી અગ્નિના ગોળા જેવો કાટમાળ જોવા મળ્યો હતો. જોકે, કંપનીએ આ મિશનને સંપૂર્ણ નિષ્ફળ જાહેર કર્યું નથી. કંપનીનું કહેવું છે કે આ લોન્ચ દરમિયાન સુપર હેવી બૂસ્ટરે સફળતાપૂર્વક કામ કર્યું અને સ્પેસએક્સને મહત્વપૂર્ણ ડેટા મળ્યો.

એલોન મસ્કની કંપની સ્પેસએક્સને ગુરુવારે તેના મેગા રોકેટ સ્ટારશિપના આઠમા પરીક્ષણ ઉડાન દરમિયાન વધુ એક આંચકો લાગ્યો. કારણઃ લોન્ચ થયાની થોડી મિનિટો પછી સ્ટારશીપ સાથેનો સંપર્ક તૂટી ગયો. કંપનીના લાઈવ સ્ટ્રીમમાં બતાવ્યા પ્રમાણે, આના કારણે એન્જિન બંધ થઈ ગયા. આ પછી સ્ટારશિપ રોકેટનો આકાશમાં વિસ્ફોટ થયો.

સ્પેસએક્સે ૭ માર્ચે ટેક્સાસના બોકા ચિકા સ્થિત તેના લોન્ચ પેડથી સ્ટારશિપ લોન્ચ કર્યું. ફ્લાઈટની શરૂઆતમાં બધું સામાન્ય હતું અને સુપર હેવી બૂસ્ટરે સફળતાપૂર્વક કામ કર્યું. લોન્ચ થયા પછી બૂસ્ટર સ્ટારશિપથી અલગ થઈ ગયું અને કંપનીના જણાવ્યા મુજબ, અપેક્ષા મુજબ સમુદ્રમાં પડી ગયું. આ ભાગને સફળ ગણી શકાય કારણ કે તે કંપનીની ફરીથી વાપરી શકાય તેવી રોકેટ સિસ્ટમના વિકાસ તરફ એક મહત્વપૂર્ણ પગલું હતું. જોકે, લોન્ચ થયાની થોડી મિનિટો પછી જ સ્પેસએક્સનો સ્ટારશિપ સાથેનો સંપર્ક તૂટી ગયો. પૃથ્વીના વાતાવરણમાં ફરી પ્રવેશ કરે તે પહેલાં જ રોકેટ નિયંત્રણ બહાર થઈ ગયું, જેના કારણે મિશન અધૂરું રહી ગયું. કંપનીએ પરીક્ષણને આંશિક રીતે સફળ ગણાવ્યું. એલોન મસ્કે પણ આ અંગે પ્રતિક્રિયા આપી અને કહ્યું કે આ પરીક્ષણ એક મોટું પગલું હતું અને તે કંપનીને તેની સિસ્ટમને વધુ મજબૂત બનાવવામાં મદદ કરશે. કંપનીએ વધુ પરીક્ષણો માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે અને આગામી પ્રયાસ આગામી મહિનાઓમાં થવાની અપેક્ષા છે. આ મિશનનો ઉદ્દેશ્ય કેટલાક ડમી ઉપગ્રહોને અવકાશમાં છોડવાનો અને પછી સુરક્ષિત રીતે પૃથ્વી પર પાછા ફરવાનો હતો, જેમાં તે નિષ્ફળ ગયું. શરૂઆતના તબક્કામાં, રોકેટનું પ્રક્ષેપણ અને પ્રથમ તબક્કાનું અલગીકરણ સફળ રહ્યું હતું પરંતુ તે પછી તેની સાથેનો સંપર્ક તૂટી ગયો. આ દાયકાના અંતમાં ચંદ્ર પર અવકાશયાત્રીઓને ઉતારવા માટે અવકાશ એજન્સીએ સ્ટારશિપ બુક કરાવ્યું હોવાથી નાસા પણ આ મિશન પર નજીકથી નજર રાખી રહ્યું હતું.

એલોન મસ્કને વધુ એક તગડો ઝટકો લાગ્યો, લોન્ચ થયા પછી સ્પેસએક્સનું સ્ટારશિપ અવકાશમાં ભયાનક ધડાકા સાથે ફાટ્યું અને આકાશમાં સળગતો કાટમાળ દેખાયો

શબ્દ સંજોગ-૧૯૬૩



આડી ચાવી :
(૧) સૂર્યનો સારથી (૩)
(૩) સુખચેન, આરામ (૩)
(૬) પતિ, ધણી (૩)
(૮) વેચાણ, ઉપાડ (૩)
(૯) ઉજજડ પ્રદેશ (૨)
(૧૦) કડિયાને ઉંચે કામ કરવા માટે બાંધેલો આધાર (૩)
(૧૨) નાની ભરતી (૨)
(૧૩) વરસાદનાં ટીપા જ પીને રહેતુ પક્ષી (૩)
(૧૫) સખત મહેનત (૩)
(૧૬) છાપરાનો બે તરફનો બહાર પડતો ભાગ (૨)
(૧૭) સંતાપ (૨)
(૧૯) ટેવ, આદત (૧)
(૨૦) ભગવાન વિષ્ણુને એક આયુધ (૨)
(૨૨) રામના દાદાનું નામ (૨)
(૨૪) પણ, વળી (૧)
(૨૫) વરપક્ષને પહેરામણી આપવાનો છેલ્લો વિધિ (૩)
(૨૮) દિલ, ઈચ્છા (અ) (૨)
(૩૦) ગણિતનો હિસાબ મંડાવે છે તે લખાણ (૩)
(૩૧) ખગોળમાં દક્ષિણનો એક તારા સમૂહ (૪)
(૩૨) એક ચોઘડીયુ (૨)

ઉભી ચાવી :
(૧) ગરીબનું ભરણપોષણ કરનારુ (૬)
(૨) પક્ષપાત, વલણ (૨)
(૩) સમયનો શુમાર (૩)
(૪) વીસની સંજ્ઞા (૨)
(૫) દુઃખ, પીડા (૩)
(૭) તમામ, તળિયા ઝાટક (૩)
(૧૧) ખીચોખીચ (૪)
(૧૨) આદત, કુટેવ (૨)
(૧૪) પદવી, દરજ્જો (૨)
(૧૮) વેચાણ ઉપરનું વળતર (૩)
(૨૧) અનુક્રમ પ્રમાણેનો નંબર (૩)
(૨૩) જનમારો, જિંદગી (૩)
(૨૬) એક સુગંધીદાર વનસ્પતિ (૩)
(૨૭) ....ડાકણને ખાય (૨)
(૨૯) માછલી, મીન (૨)
(૩૦) એક જાણીતા ગાયક (૨)

શબ્દ સંજોગ-૧૯૬૨ જવાબ

આડી ચાવીઃ (૧) અસ્તર (૪) કબૂતર (૮) સરકસ (૧૦) મહેમાન (૧૨) મહાન (૧૫) રોગ (૧૭) ભાદર (૧૯) દડી (૨૧) દવ (૨૩) રમણ (૨૪) નવનીત (૨૭) ધારણ (૨૮) સદા (૩૦) સારી (૩૧) કને (૩૩) વનમાળી (૩૪) વરતારો.
ઉભી ચાવીઃ (૧) અસત્ય (૨) સ્તર (૩) રકમ (૫) બૂમ (૬) તહેલ (૭) રમા (૯) સહારો (૧૧) નર્યા (૧૩) નગદ (૧૪) સાદર (૧૬) ચાંદની (૧૮) રમત (૨૦) ડીનર (૨૨) વતન (૨૫) વણકર (૨૬) આસવ (૨૭) ધારી (૨૯) દાન (૩૦) સાળી (૩૨) નેતા.

સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

રાજકોટ

કપાસ બી.ટી.	૧૩૫૦	૧૪૬૭
ઘઉં લોકવન	૫૦૧	૫૪૦
ઘઉં ટુકડા	૪૯૬	૫૯૧
જુવાર સફેદ	૭૪૦	૧૦૮૦
જુવાર લાલ	૯૫૦	૧૦૫૦
તુવેર	૧૧૫૦	૧૪૬૮
ચણા પીળા	૧૦૧૨	૧૦૭૭
ચણા સફેદ	૧૩૨૫	૨૦૨૧
અડદ	૧૧૮૪	૧૫૮૦
મગ	૧૧૦૦	૧૮૨૫
વાલ દેશી	૭૦૦	૧૩૦૨
ચોળી	૧૦૪૨	૧૮૧૮
વટાણા	૧૧૯૫	૧૮૦૦
મગફળી જાડી	૯૩૦	૧૧૦૦
મગફળી જીણી	૯૫૦	૧૨૨૦
તલી	૧૫૫૧	૨૦૩૧
એરંડા	૧૨૧૨	૧૨૪૫
સોયાબીન	૭૧૧	૭૭૧
સીંગફાડા	૧૦૬૦	૧૩૨૫
કાળા તલ	૩૫૦૦	૫૩૬૦
લસણ	૧૦૫૦	૧૫૦૦
ધાણા	૧૧૫૦	૧૯૨૧
મરચા સુકા	૮૦૦	૨૧૮૦
ધાણી	૧૨૨૦	૨૩૪૦
વરીયાળી	૧૧૯૧	૧૪૭૦
જીરૂ	૩૬૦૦	૩૯૮૦
રાય	૧૦૩૦	૧૨૭૦
મેથી	૯૫૦	૧૩૫૦
અજમો	૧૨૫૦	૧૩૫૦
રાયડો	૯૪૦	૧૦૫૦
ગુવારનું બી	૯૦૫	૯૦૫

રાજકોટ (શાકભાજી)

કેરી કાચી	૧૦૦૦	૧૨૦૦
લીંબુ	૭૦૦	૨૧૦૦
તરબુચ	૨૩૦	૩૫૦
બટેટા	૧૮૦	૩૦૦

ડુંગળી સુકી	૧૫૦	૪૮૦
ટમેટા	૬૦	૧૪૦
સુરણ	૧૧૦૦	૧૪૦૦
કોથમરી	૧૫૦	૨૫૦
સકરીયા	૪૫૦	૭૦૦
મુળા	૩૦૦	૫૦૦
રીંગણા	૩૦૦	૭૦૦
કોબીજ	૬૦	૧૨૦
ફ્લાવર	૨૦૦	૪૦૦
ભીંડો	૮૦૦	૧૦૦૦
ગુવાર	૧૪૦૦	૧૮૦૦
ચોળાસીંગ	૧૨૦૦	૧૮૦૦
વાલોળ	૨૦૦	૪૦૦
ટીંડોળા	૮૦૦	૧૧૦૦
દુધી	૨૦૦	૪૦૦
કારેલા	૭૦૦	૯૦૦
સરગવો	૧૦૦	૭૦૦
તુરીયા	૪૦૦	૭૦૦
પરવર	૧૧૦૦	૧૬૦૦
કાકડી	૩૦૦	૬૦૦
ગાજર	૨૨૦	૪૩૦
વટાણા	૪૫૦	૭૦૦
તુવેરસીંગ	૩૫૦	૬૨૦
ગલકા	૫૦૦	૮૦૦
બીટ	૧૫૦	૩૦૦
મેથી	૧૫૦	૩૦૦
વાલ	૭૦૦	૧૦૦૦
ડુંગળી લીલી	૧૫૦	૨૬૦
આદુ	૬૦૦	૮૦૦
મરચા લીલા	૩૩૦	૫૨૦
લસણ લીલું	૩૦૦	૬૦૦
મકાઇ લીલી	૧૦૦	૨૦૦

ગોંડલ

કપાસ બી. ટી.	૧૦૦૧	૧૪૫૬
ઘઉં લોકવન	૫૧૪	૫૪૮
ઘઉં ટુકડા	૪૯૬	૬૫૪
મગફળી જીણી	૭૪૧	૧૧૨૬

સિંગ ફાડીયા	૮૦૧	૧૩૩૧
એરંડા / એરંડી	૧૦૦૦	૧૨૬૬
ધાણા	૯૫૧	૨૨૭૬
મરચા સૂકા પટ્ટો	૪૫૧	૬૧૦૧
લસણ સુકું	૩૦૧	૧૩૪૧
ડુંગળી લાલ	૧૩૧	૪૬૧
અડદ	૧૩૨૧	૧૬૩૧
મઠ	૮૪૧	૮૪૧
તુવેર	૮૫૧	૧૪૬૧
રાયડો	૭૨૧	૧૧૧૧
રાય	૬૦૧	૧૧૮૧
મેથી	૭૦૦	૧૩૨૧
કાંગ	૫૩૧	૭૪૧
મરચા	૫૦૧	૨૭૦૧
મગફળી જાડી	૬૨૧	૧૧૧૧
નવું લસણ	૫૯૧	૧૬૫૧
સફેદ ચણા	૧૧૦૦	૨૫૫૧
ધાણી	૧૦૫૧	૩૫૫૧
ડુંગળી સફેદ	૨૦૮	૨૩૪
બાજરો	૪૭૧	૪૭૧
જુવાર	૭૧૧	૯૦૧
મકાઇ	૪૩૧	૪૩૧
મગ	૧૪૫૧	૧૮૪૧
ચણા	૧૦૦૬	૧૦૬૧
વાલ	૪૦૧	૧૨૦૧
ચોળા / ચોળી	૧૨૦૧	૨૪૯૧
સોયાબીન	૫૨૬	૭૭૧
ગોગળી	૬૦૦	૧૦૦૧

ગોંડલ (શાકભાજી)

ટમેટા	૨૦	૧૬૦
મરચા	૨૦૦	૬૦૦
ગુવાર	૫૦૦	૨૦૦૦
કોબી	૨૦	૧૦૦
દુધી	૬૦	૨૪૦
ફ્લાવર	૧૦૦	૨૪૦
કાકડી	૧૦૦	૫૦૦
રીંગણા	૪૦	૪૦૦
ભીંડો	૪૦૦	૧૦૦૦
ગલકા	૨૦૦	૪૦૦
ગાજર	૬૦	૨૪૦
ટિંડોરા	૩૦૦	૬૦૦
વાલ	૪૦૦	૧૦૦૦
વટાણા	૪૦૦	૭૦૦
શક્કરીયા	૨૦૦	૫૦૦
કેરી કાચી	૬૦૦	૧૬૦૦
બટેટા	૧૯૦	૩૩૦
લીલી હળદર	૭૦૦	૮૦૦
ડુંગળી પુરા	૮	૧૨
કોથમીર પુરા	૬	૧૨
મૂળા પુરા	૫	૭
ફ્રેંદીનો પુરા	૩	૫
કાચા કેળા	૨૦૦	૪૦૦
ઘીસોડા	૪૦૦	૮૦૦
લીંબુ	૫૦૦	૨૦૦૦
મેથી પુરા	૨	૬
બીટ પુરા	૧૦	૧૫
સરગવો પુરા	૧૫	૨૦
ચોરા	૩૦૦	૮૦૦
કારેલા	૩૦૦	૯૦૦
વાલોર	૧૦૦	૫૦૦
કાચા પોપૈયા	૫૦	૩૦૦
આદુ	૬૦૦	૧૦૦૦
મકાઈ ડોડા	૧૦૦	૧૬૦
લસણ પુરા	૧૦	૧૫
પાલક પુરા	૨	૬

અમરેલી (શાકભાજી)

બટેટા	૨૩૦	૩૦૦
રીંગણાં	૩૧૦	૪૧૦

ફુલાવર	૧૦૦	૧૨૦
કોબીજ	૬૦	૮૦
શકકરીયા	૩૨૦	૪૧૦
ટામેટા	૭૦	૧૨૦
સુરણ	૧૨૦૦	૧૩૦૦
ગાજર	૨૦૦	૨૫૦
દૂધી	૩૦૦	૪૦૦
કારેલા	૪૨૦	૫૨૦
ગલકા	૩૦૦	૫૦૦
કાકડી	૧૦૦	૩૦૦
ગુવાર	૮૦૦	૧૬૦૦
વાલોળ	૫૧૦	૬૧૦
વટાણા	૫૭૦	૬૩૦
ચોળા લીલાં	૬૩૦	૮૩૦
તુરીયા	૬૦૦	૮૦૦
શક્કરટેટી	૩૨૦	૪૨૦
તુવેર	૪૦૦	૫૦૦
ભીંડો	૫૦૦	૭૦૦
આદુ	૯૨૦	૧૦૨૦
કોથમીર	૨૦૦	૨૫૦
મેથીભાજી	૩૦૦	૪૦૦
ફુદીનો	૫૦૦	૬૦૦
ટીંડોરા	૪૦૦	૫૦૦
બીટ	૧૪૦	૧૬૦
વાલ	૫૩૦	૬૩૦
સરગવો	૩૧૦	૪૧૦
લીમડો મીઠો	૨૬૦	૩૬૦
મરચા લીલા	૨૧૦	૪૧૦
મરચા લાલ	૮૦૦	૯૦૦
ડુંગળી લીલી	૨૦૦	૩૦૦
ડુંગળી સૂકી	૩૨૦	૪૮૦
લસણ લીલુ	૪૨૦	૫૨૦
લસણ સુકુ	૬૧૦	૧૪૧૦
મકાઈ	૧૪૦	૨૦૦
લીંબુ	૧૮૦૦	૨૦૦૦
પાલક	૬૦૦	૭૦૦

અમરેલી

શિંગ મઠડી	૮૮૬	૧૦૬૩
ગીરનારી શિંગ	૧૧૧૦	૧૧૧૦
શિંગ મોટી	૯૦૦	૧૦૮૯
શિંગ ફાડા	૯૫૨	૧૨૨૧
તલ સફેદ	૯૧૦	૨૩૧૦
તલ કાશમીરી	૨૦૦૦	૨૨૦૦
જુવાર	૭૬૦	૯૧૨
ઘઉં ટુકડા	૪૭૦	૫૩૯
ઘઉં લોકવન	૪૭૦	૫૩૯
મકાઇ	૫૪૫	૫૪૫
ચણા	૯૮૧	૧૦૫૧
ચણા દેશી	૧૧૧૦	૧૧૮૨
સફેદ ચણા	૧૦૫૦	૧૩૬૬
તુવેર	૧૦૨૦	૧૪૩૧
કપાસ	૯૮૦	૧૪૭૬
એરંડા	૧૧૭૦	૧૨૨૭
જીરૂ	૨૬૦૦	૪૩૫૦
રાયડો	૧૦૦૦	૧૦૧૦
ધાણા	૯૦૦	૧૯૭૦
ધાણી	૯૫૦	૨૯૫૦
અજમા	૧૭૫૦	૨૧૩૦
સોયાબીન	૬૩૦	૭૨૬
મરચા લાંબા	૩૩૦	૫૦૩૦
કાંગ	૫૫૦	૫૫૦

બાબરા

કપાસ શંકર	૧૪૦૮	૧૪૮૨
કપાસ મીડીયમ	૧૧૧૫	૧૩૬૫
મગફળી જીરૂ	૧૦૩૮	૧૦૬૨
મગફળી બી.ટી	૯૭૬	૯૯૪
ચણા	૧૦૪૭	૧૦૫૯
જીરૂ	૩૪૪૦	૩૯૪૦

ઘઉં	૪૯૫	૫૫૫
તુવેર	૧૨૩૦	૧૪૫૦
ધાણા	૧૩૪૦	૧૬૫૦

બગસરા

કપાસ	૧૨૦૦	૧૪૬૭
ઘઉં લોકવન	૪૮૦	૫૫૨
ઘઉં ટુકડા	૪૮૪	૫૩૦
ચણા	૭૮૫	૧૦૨૫
સોયાબીન	૫૦૦	૬૫૨
તુવેર	૧૧૮૦	૧૩૭૦
મગફળી	૮૫૫	૯૩૫
ધાણા	૯૦૦	૯૦૦
તલ સફેદ	૨૦૦૦	૨૦૦૦
મગફળી	૮૫૫	૯૩૫
શીંગફાડા	૧૦૦૦	૧૧૭૦
એરંડા	૯૦૦	૯૦૦

ધારી

કપાસ	૧૨૬૫	૧૪૩૦
ઘઉં લોકવન	૪૫૦	૫૧૧
ચણા	૧૦૧૬	૧૦૧૬
તુવેર	૧૧૪૦	૧૩૭૫
ધાણા	૧૧૫૦	૧૪૮૦
મેથી	૧૨૦૧	૧૨૦૧
એરંડ	૧૧૪૯	૧૧૪૯

રાજુલા

શીંગ	૯૨૩	૧૦૨૫
તલ સફેદ	૨૧૫૦	૨૧૬૦
તલ પીળા	૨૨૫૯	૨૩૧૬
કપાસ	૧૧૦૦	૧૪૪૫
બાજરો	૪૭૦	૬૩૦
ઘઉં ટુકડા	૪૯૩	૬૦૦
જુવાર	૫૭૧	૯૬૧
તુવેર	૧૦૦૧	૧૩૧૮
ચણા	૯૭૧	૧૨૧૩
જીરૂ	૪૦૦૦	૪૦૦૦
રાય	૧૦૦૦	૧૦૦૦
ધાણા	૧૨૦૧	૧૨૦૧
સો

ગુજરાતપ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે રાહુલ ગાંધીની બેઠક, કોંગ્રેસને સક્રિય કરવા રણનીતિ

અમદાવાદ,તા.૦૭

વિપક્ષના નેતા રાહુલ ગાંધી તા.૦૭થી બે દિવસ ગુજરાતના પ્રવાસે છે. તેમનો આ પ્રવાસ બહુ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. વિધાનસભાની ચૂંટણીને હજી બે વર્ષ બાકી છે પરંતુ રાહુલ ગાંધીએ અત્યારથી જ ગુજરાતનો મોરચો સંભાળી લીધો છે. જોકે, રાહુલ ગાંધીએ ગુજરાત કોંગ્રેસના નેતાઓને અનેક સવાલો કર્યા હતા. ગુજરાત કોંગ્રેસની




પોલિટિકલ અફેર્સ કમિટીની બેઠક રાહુલ ગાંધીની અધ્યક્ષતામાં મળી હતી. બેઠકમાં ગુજરાત કોંગ્રેસના સંગઠનની સ્થિતિ અને બદલાવ અંગે ચર્ચા કરવામાં આવી હતી. સાથે જ હાલના સંગઠન માળખામાં બદલાવને લઈ પણ ચર્ચા કરાઈ હતી. એપ્રિલથી યોજાનાર સંવિધાન યાત્રા અંગે બેઠકમાં ચર્ચા કરાઈ હતી. આ બેઠકમાં રાહુલ ગાંધીએ ગુજરાત કોંગ્રેસની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. પોલિટિકલ અફેર્સ કમિટીના તમામ નેતાઓને રાહુલ ગાંધીએ સૌથી પહેલા સાંભળ્યા હતા. જેમાં રાહુલ ગાંધી સામે ગુજરાત કોંગ્રેસના નેતાઓએ આક્રમકતા સાથે પ્રજા વચ્ચે જવાની વાતો કરી હતી. આક્રમકતા સાથે લડી શકે એવા નેતાઓને કેન્દ્રીય નેતૃત્વ સપોર્ટ કરે અને લીડરશિપમાં કોમ્પ્રોમાઈઝ ના હોવું જોઈએ એવી રજૂઆત કરાઈ હતી.

ગુજરાતની ૫૩ નગરપાલિકાને બાકી વીજ બિલ ભરવાના ફાંફા

નગરપાલિકા વિસ્તારોમાં સ્ટ્રીટલાઇટો બંધ થવાની શક્યતાથી રાજ્ય સરકારે ૧૯૦ કરોડની આપી લોન

ગાંધીનગર,તા.૦૭

વિધાનસભા સત્રમાં ગુજરાતની ૫૩ નગરપાલિકાએ કરોડો રૂપિયાના વીજ બિલની ચૂકવણી ન કરી હોવાની વિગતો સામે આવી છે. ત્યારે આ બાબતે ધારાસભ્ય અનંત પટેલના પ્રશ્ન પર સરકારે જવાબ આપ્યો હતો. જેમાં સરકારે જણાવ્યું હતું કે નગરપાલિકાઓને વીજ બિલ ભરવા સરકારે લોન આપી છે. જેમાં સરકારે ૫૩ નગરપાલિકાઓને ૧૯૦ કરોડ રૂપિયાની લોન આપી હતી. નગરપાલિકા વિસ્તારોમાં સ્ટ્રીટલાઇટો બંધ થવાની શક્યતાઓ છે અને જેના કારણે રસ્તાઓ અંધકારમાં ડૂબી શકે છે. આવકમાં ઘટાડાના કારણે



નગરપાલિકાઓ આર્થિક સંકટનો સામનો કરી રહી છે. પાણી સહિતના વિવિધ વેરા વસૂલવામાં નગરપાલિકા તંત્ર કડક ન હોવાના કારણે વહીવટીતંત્રની આવક ઘટી રહી છે. ચૂંટણીને ધ્યાનમાં રાખીને, જનપ્રતિનિધિઓ કડક વસૂલાત માટે રોકે છે. આ તમામ કારણોસર પાલિકા પાસે કમાણીનું કોઈ સાધન નથી. મહત્વની વાત એ છે કે ટેક્સની રકમ વધારવાનું પણ સૂચન કરવામાં આવ્યું છે, પરંતુ ખુદ સરકાર તેનો અમલ કરવાના મૂડમાં નથી તેવી પણ ચર્ચા છે.

રાજ્યમાં ટી.બી.ના દર્દીઓને લાયન્સ ક્લબ્સ કિટ આપશે

ગાંધીનગર, તા.૦૭



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને લાયન્સ ક્લબ્સ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન વચ્ચે ન્યુટ્રીશન કિટ પૂરી પાડવા અંગે એમ.ઓ.યુ. થયા છે. આ એમ.ઓ.યુ. અંતર્ગત લાયન્સ ક્લબ્સ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન ટી.બી.ના દર્દીઓ સાથે નિક્ષય મિત્ર તરીકે જોડાશે અને પોષણ કિટ પૂરી પાડીને ટી.બી.મુક્ત ભારતમાં યોગદાન આપશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે રાજ્ય સરકારના પ્રયાસોમાં સ્વૈચ્છિક સંસ્થાઓની પ્રતિબદ્ધતા ભળશે તો વડાપ્રધાનની ટી.બી.મુક્ત ભારતની સંકલ્પના ચોક્કસ સાકાર થશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

જલારામ બાપા વિશે ખરાબ શબ્દો બોલનારા સાધુએ વીરપુર જઈ માફી માંગી

અમદાવાદ, તા.૦૭



સ્વામીનારાયણ સંત જ્ઞાનપ્રકાશ સ્વામીએ કરેલ જલારામ બાપા વિશે ટિપ્પણી મામલે આખરે સ્વામિનારાયણ સંત ઝૂક્યા છે. જ્ઞાનપ્રકાશ સ્વામીએ જલારામ બાપા વિશે કરેલી ટિપ્પણી બાદ લોહાણા સમાજમાં આક્રોશ ફેલાયો હતો. સ્વામીએ વીડિયોથી માફી માંગી હતી, પણ લોહાણા સમાજ માન્યો ન હતો. ત્યારે આજે સ્વામી જ્ઞાનપ્રકાશએ વીરપુર જઈને માફી માંગી છે. જલારામ બાપા વિશે ટિપ્પણી કર્યા બાદ રઘુવંશી સમાજ, જલારામ બાપાના ભક્તો તેમજ વીરપુરમાં ગ્રામજનોમાં ભારે આક્રોશ ફેલાયો હતો. સ્વામીએ વીડિયો બનાવી માફી માગ્યા બાદ પણ આક્રોશ યથાવત હતો. તેથી સ્વામી જ્ઞાનપ્રકાશે જલારામ બાપાના મંદિરે આવી માફી માંગી છે. લાખો લોકોની માંગ હતી કે, સ્વામી વીરપુર આવી માફી માંગે. ત્યારે સ્વામીને પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે વીરપુર લાવવામાં આવ્યા હતા. કાળા કાચ સાથેની ગાડીમાં સ્વામીને વીરપુર લાવવામાં આવ્યા હતા. સ્વામીને મંદિરની પાછળની જગ્યામાંથી સીધા મંદિરમાં લઈ જવાયા હતા. એક તરફ સ્વામી વીરપુર માફી માંગવા પહોંચ્યા ત્યાં બીજી તરફ વડતાલે સ્વામીની આ હરકત સામે હાથ ઉંચા કરી લીધા હતા.

રાજકોટમાં ૮ માર્ચે શ્રી ખોડલધામ મહિલા સમિતિ દ્વારા 'નારી તું નારાયણી' કાર્યક્રમ યોજાશે

કાગવડ, તા.૦૭

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના નેજા હેઠળ કાર્યરત શ્રી ખોડલધામ મહિલા સમિતિ-રાજકોટ દ્વારા સમાજમાં મહિલાઓનું પ્રભુત્વ વધે, મહિલાઓનો વિકાસ થાય અને મહિલાઓને પ્રોત્સાહન મળી રહે તે માટે અલગ અલગ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. દર વર્ષે આ સમિતિ દ્વારા વિશ્વ મહિલા દિવસની ઉજવણી થાય છે. ત્યારે આ વર્ષે પણ શ્રી ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વિશ્વ મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે ૮ માર્ચના રોજ રાજકોટમાં 'નારી તું નારાયણી' કાર્યક્રમ યોજાશે. રાજકોટના શ્રી સરદાર પટેલ ભવન ખાતે બપોરે ૪ વાગ્યાથી આ કાર્યક્રમ અંતર્ગત ખ્યાતનામ હાસ્ય કલાકાર મનસુખભાઈ વસોયા (ખિલોરીવાળા) હાસ્યની સાથે મહિલાઓને માન અને મર્મની વાતો રજૂ કરશે. આ તકે રાજકોટનાં મેયર નયનાબેન પેઢડીયા અને રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી હાજર રહેશે.

ગાંધીનગરમાં પત્ની-દીકરાની હત્યા કરી આધેડે આપઘાતનો પ્રયાસ કર્યો

ગાંધીનગર,તા.૦૭


ગાંધીનગરમાં ગુરુવારે મોડી રાતે ચકચારી બનાવ બન્યો છે. ગાંધીનગરમાં એક આધેડે દીકરા અને પત્નીની નિર્દયી રીતે હત્યા કરી હતી. બંનેની હત્યા કર્યા બાદ પોતે પણ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. ગાંધીનગરના શ્રી રંગ નેનો સિટીની ઘટના છે. જેમાં દીકરા અને પત્નીનું મૃત્યુ નિપજ્યું છે, જ્યારે આધેડ સારવાર હેઠળ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગાંધીનગરના એક પરિવારનો માળો જોતજોતામાં વિખેરાયો હતો. આધેડે પરિવારના બે લોકોની હત્યા કરી આત્મહત્યનો પ્રયાસ કરતા તેને સારવાર માટે ખસેડાયો છે. શ્રી રંગ નેનો સિટી વિભાગ ૧ ની આ ઘટના છે. જેમાં હરેશ કનુભાઈ વાઘેલા નામના શખ્સે



પત્ની આશાબેન અને દીકરા ધ્રુવની હત્યા કરી હતી. પત્ની-દીકરાને મોતને ઘાટ ઉતાર્યા બાદ હરેશ કનુભાઈ વાઘેલાએ પોતે પણ આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. હાલ કનુભાઈ વાઘેલા સારવાર હેઠળ છે. પિતા હરેશ વાઘેલાએ દીકરાનું માથું તિજોરી સાથે અથડાવીને તેને મોતને ઘાટ ઉતાર્યો હતો. તો પત્ની આશાબેનને બોથડ પદાર્થ મારી તેની હત્યા કરી હતી. તેના બાદ હરેશભાઈએ પોતે હાથની નસ કાપી નાંખી હતી. આ ઘટનાની જાણ થતા જ પાડોશીઓ પહોચી ગયા હતા.

ઈડર-ખેડબ્રહ્મા હાઈવે પર ટ્રક પાછળ જીપ ઘૂસી જતા અકસ્માતમાં ૪ લોકોના મોત

હિંમતનગર, તા.૦૭



સાબરકાંઠા જિલ્લાના ઈડર-ખેડબ્રહ્મા હાઈવે પર એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો, જેમાં ચાર નિર્દોષ જીંદગીઓ હોમાઈ ગઈ. આ ગોઝારી ઘટના ત્યારે બની જ્યારે એક જીપ, જે મજૂરોને લઈને જઈ રહી હતી, તે પૂરપાટ ઝડપે દોડતા ટ્રકની પાછળ ધડાકાભેર અથડાઈ. આ અકસ્માતમાં ૧૫થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા, જેમને તાત્કાલિક સારવાર માટે વડાલી અને ઈડરની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા. જીપમાં ક્ષમતાથી વધુ, લગભગ ૪૦થી વધુ મુસાફરો સવાર હતા, જેઓ દિવસભરની મજૂરી કરીને પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે જીપનો આગળનો ભાગ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો, જાણે કે કોઈ કાગળનો ડૂચો થઈ ગયો હોય. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. બચાવ કાર્ય શરૂ કરીને ગંભીર રીતે ઘવાયેલા લોકોને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ડિસ્ટ્રીક્ટ જજ અને ફેમિલી જજ પણ ઉપસ્થિત રહ્યા

અમરેલીમાં જિલ્લા કોર્ટ ખાતે 'મહિલા દિન' નિમિત્તે બ્રેસ્ટ કેન્સર સ્ક્રીનીંગ તથા અવેરનેસ કાર્યક્રમ યોજાયો


અમરેલી,તા.૦૭



અમરેલીની જિલ્લા કોર્ટ ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે આજે ડિસ્ટ્રીક્ટ જજ રીઝવાના બુખારી, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ તથા આશીર્વાદ ફાઉન્ડેશન, અમદાવાદનાં સંયુકત ઉપક્રમે વિનામૂલ્યે બ્રેસ્ટ સ્ક્રીનીંગ સેમિનારનું અયોજન કરાયું હતું. આ સેમિનારનો મુખ્ય ઉદેશ કોર્ટ સ્ટાફ, વકીલો તથા તેમનાં પરિવારમાં બ્રેસ્ટ કેન્સર અંગે જાગૃતિ લાવવા અને પ્રારંભિક તબકકે કેન્સર નિદાન કરી જરૂરી સારવાર મેળવવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો. સેમિનારમાં આશીર્વાદ ફાઉન્ડેશનનાં કોઓર્ડીનેટર મીતાબેન જોશી તથા તેનાં સહયોગી દ્વારા બ્રેસ્ટ કેન્સર અંગે તમામ મહિલાઓને તલસ્પર્શી માહિતી આપી હતી અને પરિક્ષણ કર્યુ હતું. કોર્ટનાં મહિલા સ્ટાફ તથા મહિલા વકીલો તથા તેઓનાં ફેમીલી મેમ્બર્સએ બહોળી સંખ્યામાં સેમિનારનો લાભ લીધો હતો. આ પ્રસંગે ડિસ્ટ્રીકટ જજ રીઝવાના બુખારીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. સેમિનારમાં ફેમીલી જજ એમ.એસ. સોની, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળનાં સેક્રેટરી આર.વાય. ત્રિવેદી, વકીલ મંડળના પ્રમુખ એન.વી. ગીડા, સેક્રેટરી જે.આર. વાળા, મહિલા વકીલ પ્રમુખ શારદાબેન ડાભી, ઈનરવ્હીલ કલબ અમરેલીના પ્રમુખ મિલીબેન ઠાકર અને શિવાનીબેન તથા પી.એલ.વી. પારૂલબેન મહિડા, નિતાબેન ચાવડા હાજર રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે ડિસ્ટ્રિક્ટ કોર્ટ તથા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સ્ટાફ મેમ્બર્સએ જહેમત ઉઠાવી હતી.

ઉના બાયપાસ પાસે આવેલી વાડીના કૂવામાં દીપડો પડતા વન વિભાગે કર્યું રેસ્ક્યુ

ઉના, તા.૦૭




ઉના બાયપાસ ઉપર અડીને આવેલી ડો. સતિષભાઈ વશરામભાઈ પડસાળાની માલિકીની વાડીમાં જયારે ખેત મજૂરો કૂવા પાસે કામ કરતા હતા. ત્યારે કૂવામાંથી અવાજ આવતા મજૂરોએ તાત્કાલિક કૂવામાં નજર કરતા કૂવામાં દીપડો જોવા મળ્યો હતો. દીપડો જોતા જ વાડી માલિકને જાણ કરતા વાડી માલિક સતિષભાઈ પડસાળાએ વન વિભાગને જાણ કરતા વન વિભાગનો સ્ટાફ DCF વિકાસ યાદવના માર્ગદર્શન હેઠળ જસાધાર રેન્જના આ.ર.એફ.ઓ. ભરવાડ.ની હાજરીમાં તેના માર્ગદર્શન હેઠળ ઉના નવાબંદર રાઉન્ડનો સ્ટાફ ૬૫ ફૂટ ઊંડા કૂવામાં અંદાજે ૩૦ થી ૩૫ ફૂટ પાણીમાં પાંજરૂ નાખી કલાકોની ભારે જહેમત બાદ દીપડાને પાંજરામાં પુરી સલામત રીતે પાંજરાને કૂવાની બહાર કાઢી દીપડાને જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખાસેડવામાં આવ્યો હતો.



ગાંધીના ગુજરાતમાં દારૂની રેલમછેલ કરવાની વાત કરતા પોરબંદરના વકીલે માફી માંગી

ગાંધીનગર,તા.૦૭



ગુજરાતમાં દારૂબંધી છે પરંતુ અહીં કહેવાતી દારૂબંધી છે એવું બધા જાણે છે. છાશવારે પકડાતી પાર્ટી, દારૂની મહેફિલો, દારૂના જથ્થા તેના પુરાવા આપે છે. ત્યારે આ વચ્ચે મહાત્મા ગાંધીની ભૂમિ પરથી વાયરલ થયેલો એક વીડિયો ચર્ચા જગાવી રહ્યો છે. પોરબંદર ગાંધી જન્મભૂમિમાં હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા એક વીડિયોએ ભારે તહેલકો મચાવી દીધો હતો. ત્યારે પોરબંદર પોલીસે વાયરલ વીડિયો પર મોટી કાર્યવાહી કરી છે. વીડિયો બનાવનાર પોરબંદરના વકીલ જગદીશ મોતીવરસે જાહેરમાં માફી માંગી છે. થોડા દિવસ અગાઉ તેમનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જાણીતા વકીલ પોરબંદરના દરિયા કિનારે ટેબલ પર દારૂની બોટલ સાથે જોવા મળ્યા હતા.



સુરતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ત્રણ કિ.મી. લાંબો ભવ્ય રોડ-શો

સુરત, તા.૦૭



ત્રીજીવાર વડાપ્રધાન બન્યા બાદ પ્રથમવાર સુરત આવેલા પીએમ મોદી અલગ જ અંદાજમાં જોવા મળ્યા હતા. પોતાના સંબોધનની શરૂઆતમાં કેમ છો ? કહી સુરતીલાલાઓના હાલચાલ જાણ્યા હતા. સુરતના વિકાસની વાત કરતા વડાપ્રધાને કહ્યું હતું કે, અમે સુરતને એવું શહેર બનાવવા માગીએ છીએ જેમાં ગ્લોબલ બિઝનેસ ફૂટપ્રિન્ટ હોય. જ્યાંના લોકો જાનદાર હોય ત્યાં બધુ શાનદાર જ થવું જોઈએ. સુરતનો કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ વડાપ્રધાન રાત્રિરોકાણ સુરતના સર્કિટ હાઉસમાં જ કરશે. આજે મહિલા દિવસ નિમિતે નવસારીમાં આયોજીત કાર્યક્રમમાં હાજરી આપશે. સેલવાસનો કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ વડાપ્રધાન નક્કી કાર્યક્રમ મુજબ સુરત પહોંચ્યા હતા. પર્વત પાટિયા વિસ્તારમાં બનાવાયેલા હેલિપેડ પર મુખ્યમંત્રીએ વડાપ્રધાનનું સ્વાગત કર્યું હતું. ૩ કિમીના રોડ શો દરમિયાન રસ્તાની બંને તરફ ભારે જનમેદની ઉમટી પડી હતી. નીલગિરિ મેદાન પર આયોજીત સભા સ્થળ પર પહોંચ્યા બાદ વડાપ્રધાન, મુખ્યમંત્રી અને સી.આર.પાટીલ ખુલ્લી જીપમાં સવાર થયા હતા અને ડોમની અંદર ઉપસ્થિત લોકોની વચ્ચે પહોંચી અભિવાદન ઝીલ્યું હતું. ત્યારબાદ પ્રધાનમંત્રી અન્ન યોજના અંતર્ગતના લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યા હતા.

દેશમાં માર્ગ અકસ્માતોમાં થયેલા વધારા માટે એન્જિનિયરો જવાબદાર: ગડકરી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૭



દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમમાં ભાગ લેવા માટે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી પહોંચ્યા હતા. આ દરમિયાન સભાને સંબોધિત કરતી વખતે, નીતિન ગડકરીએ ફરી એકવાર માર્ગ અકસ્માતોનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું, આપણા માટે એ સારું નથી કે ભારતમાં આપણે માર્ગ અકસ્માતોને લગતી ઘણી ગંભીર સમસ્યાઓનો સામનો કરી રહ્યા છીએ. દર વર્ષે આપણાં ત્યાં ૪ લાખ ૮૦ હજાર માર્ગ અકસ્માતો થાય છે અને ૧ લાખ ૮૦ હજાર મૃત્યુ થાય છે, જે કદાચ વિશ્વમાં સૌથી વધુ છે. આ મૃત્યુમાંથી ૬૬.૪% મૃત્યુ ૧૮ થી ૪૫ વર્ષની વય જૂથના લોકોના છે અને આનાથી જીડીપીને નુકસાન થાય છે, જીડીપીમાં ૩% નો ઘટાડો થાય છે. નીતિન ગડકરીએ કહ્યું, ડોક્ટરો, એન્જિનિયરો અને સૌથી અગત્યનું, પ્રતિભાશાળી યુવાનોનું નુકસાન ખરેખર આપણા દેશ માટે એક મોટું નુકસાન છે. આ બધા અકસ્માતો માટે સૌથી મહત્ત્વપૂર્ણ ગુનેગાર સિવિલ એન્જિનિયરો છે. હું દરેકને દોષી ઠેરવતો નથી, પરંતુ ૧૦ વર્ષના અનુભવ પછી, હું આ નિષ્કર્ષ પર આવ્યો છું. સૌથી મહત્ત્વપૂર્ણ ગુનેગારો એ છે જેઓ ડીપીઆર (વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ) બનાવી રહ્યા છે અને તેમાં હજારો ભૂલો છે. ગ્લોબલ રોડ ઈન્ફ્રાટેક સમિટ અને એક્સ્પોને સંબોધતા, ગડકરીએ કહ્યું કે માર્ગ સલામતીના પગલાંમાં સુધારો કરવાની તાત્કાલિક જરૂર છે. ગડકરીએ કહ્યું, દેશમાં મોટાભાગના માર્ગ અકસ્માતો લોકોની નાની ભૂલો, ખામીયુક્ત ડીપીઆરને કારણે થાય છે અને આ માટે કોઈને જવાબદાર ઠેરવવામાં આવતું નથી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી એપ્રિલમાં શ્રીલંકાની મુલાકાત લે તેવી શક્યતા

નવીદિલ્હી,તા.૦૭



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એપ્રિલના પહેલા અઠવાડિયામાં શ્રીલંકાની મુલાકાત લઈ શકે છે. વાસ્તવમાં, પીએમ મોદીની આ મુલાકાત શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમાર દિસાનાયકેના સત્તાવાર આમંત્રણ પર થશે. પીએમ મોદીની આ મુલાકાત ભારત અને શ્રીલંકા વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવશે. વાસ્તવમાં, બે ઓફ બંગાળ ઇનિશિયેટિવ ફોર મલ્ટી-સેક્ટરલ ટેક્નોલોજીકલ એન્ડ ઇકોનોમિક કોઓપરેશન સમિટ ૨ થી ૪ એપ્રિલ દરમિયાન બેંગકોકમાં આયોજિત થઈ રહી છે, જેમાં પીએમ મોદી ભાગ લેશે. એવું માનવામાં આવે છે કે આ પછી પીએમ નરેન્દ્ર મોદી શ્રીલંકા જઈ શકે છે. આ સમય દરમિયાન બંને દેશોના વડાઓ વચ્ચે દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા થવાની શક્યતા છે.

મહારાષ્ટ્રમાં માત્ર ૯ મહિનામાં કુલ ૩.૧,૩૯,૪૩૪ કરોડનું રેકોર્ડ વિદેશી રોકાણ

મુંબઈ,તા.૦૭



દેશના આર્થિક રીતે મહત્વપૂર્ણ રાજ્ય મહારાષ્ટ્રમાં ઘણું એફડીઆઈ આવી રહ્યું છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રમાં છેલ્લા ૧૦ વર્ષમાં ૨૦૨૪-૨૫ના માત્ર ૯ મહિનામાં રેકોર્ડ એફડીઆઈ (વિદેશી પ્રત્યક્ષ રોકાણ) આવ્યું છે. ફડણવીસે પોતાના દાવાને સમર્થન આપવા માટે ડિસેમ્બર, ૨૦૨૪ માટે કેન્દ્રના ડીપીઆઈઆઈટી વિદેશી રોકાણ અહેવાલનો ઉલ્લેખ કર્યો. અહેવાલ મુજબ, મહારાષ્ટ્રે ચાલુ નાણાકીય વર્ષ (૨૦૨૪-૨૫) ના માત્ર નવ મહિનામાં છેલ્લા ૧૦ વર્ષમાં સૌથી વધુ વાર્ષિક વિદેશી સીધા રોકાણનો રેકોર્ડ પાર કરી લીધો છે. તેમણે કહ્યું કે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના પ્રથમ નવ મહિનામાં કુલ રૂ. ૧,૩૯,૪૩૪ કરોડનું એફડીઆઈ પ્રાપ્ત થયું છે. મુખ્યમંત્રીએ કહ્યું, ×છેલ્લા ૧૦ વર્ષમાં મહારાષ્ટ્રમાં કોઈ પણ એક વર્ષમાં મળેલું આ સૌથી વધુ વિદેશી રોકાણ છે.× ડિસેમ્બર, ૨૦૨૪ ના અંત સુધી ડીપીઆઈઆઈટી (ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રમોશન વિભાગ) દ્વારા સંકલિત ડેટા મુજબ, મહારાષ્ટ્ર એફડીઆઈ પ્રવાહમાં દેશમાં ટોચ પર છે. આ પછી કર્ણાટક અને ગુજરાતનો ક્રમ આવે છે. ફડણવીસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર કહ્યું, આમ કરીને, મહાયુતિ સરકારે નાણાકીય વર્ષ ૨૦૧૯-૧૭નો પોતાનો જ રેકોર્ડ તોડી નાખ્યો છે.

બિહારમાં એનડીએ નીતિશ કુમારના ચહેરા પર ચૂંટણી લડશે : સમ્રાટ ચૌધરી

પટણા, તા.૦૭



બિહારના નાયબ મુખ્યમંત્રી અને ભાજપ નેતા સમ્રાટ ચૌધરીએ નીતિશ કુમારને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) જનતા દળ (યુનાઈટેડ) ના પ્રમુખ નીતિશ કુમારને બીજા કાર્યકાળ માટે ટેકો આપશે. સમ્રાટ ચૌધરીએ એવી અટકળોને નકારી કાઢી હતી કે બિહાર વિધાનસભા ચૂંટણી પછી રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (NDA) કોઈ નવો ચહેરો મેદાનમાં ઉતારી શકે છે. સમ્રાટ ચૌધરીએ કહ્યું કે નીતિશ કુમારના પુત્ર નિશાંતનું પાર્ટીમાં જોડાવું એ તેમનો અંગત મામલો છે અને જેડી(યુ)નો આંતરિક મામલો છે. દરમિયાન, સમ્રાટ ચૌધરીએ રાજ્યમાં NDAના મુખ્ય હરીફ તેજસ્વી યાદવને રાજદ પ્રમુખ લાલુ પ્રસાદના 'માત્ર પ્રતિનિધિ' ગણાવ્યા.

કેનેડિયન માલ પરના અન્યાયી યુએસ ટેરિફ હટાવવામાં નહીં આવે ત્યાં સુધી વેપાર યુધ્ધ : ટ્રુડો


ઓટાવા,તા.૦૭



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કેનેડા પર લાદવામાં આવેલા ટેરિફના અમલીકરણથી બંને દેશો વચ્ચે તણાવ વધી ગયો છે. હવે કેનેડા ટેરિફ અંગે વધુ કડક બન્યું છે. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ કહ્યું કે તેમને ડર છે કે નજીકના ભવિષ્યમાં કેનેડા અને યુનાઇટેડ સ્ટેટ્સ વચ્ચે વેપાર યુદ્ધ થશે. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ ગુરુવારે કહ્યું હતું કે તેમને ડર છે કે નજીકના ભવિષ્યમાં કેનેડા અને યુનાઇટેડ સ્ટેટ્સ વચ્ચે વેપાર યુદ્ધ શરૂ થશે. તેમણે આ અઠવાડિયે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની તેમની વાતચીતને જીવંત અને રચનાત્મક ગણાવી. ટ્રૂડોએ જણાવ્યું હતું કે બંને પક્ષોએ ટેરિફ અંગે ચર્ચા કરી છે, અને તેઓ સક્રિયપણે ચાલુ વાટાઘાટોમાં રોકાયેલા છે જેથી ખાતરી કરી શકાય કે આ ટેરિફ ચોક્કસ ક્ષેત્રો અને કામદારોને અપ્રમાણસર રીતે નુકસાન ન પહોંચાડે. તેમણે એ પણ પુનરોચ્ચાર કર્યો કે જ્યાં સુધી કેનેડિયન માલ પરના અન્યાયી યુએસ ટેરિફ હટાવવામાં નહીં આવે ત્યાં સુધી અમે અમારા બદલો લેવાના ટેરિફથી પાછળ હટીશું નહીં. અગાઉ, એક કેનેડિયન અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે ટ્રમ્પ અને ટ્રૂડોએ બુધવારે બપોરે ફોન પર વાત કરી હતી. અમને મધ્યમાં મળવામાં અને ઓછી ફી વસૂલવામાં રસ નથી, કેનેડિયન નાણામંત્રી ડોમિનિક લેબ્લેકે કેનેડિયન બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશનને જણાવ્યું.

મોદીનું મિશન કાશ્મીર નક્કી છે, હવે પીઓકે લેવાનો સમય આવી ગયો છે : વિદેશ એસ જયશંકર


નવીદિલ્હી,તા.૦૭



કાશ્મીર અંગે પાકિસ્તાન વારંવાર આંતરરાષ્ટ્રીય સ્તરે ખોટું બોલે છે. તે કાશ્મીર મુદ્દા પર વિશ્વને પ્રશ્નોમાં ફસાવીને કાવતરું ઘડે છે અને મૂંઝવણમાં મૂકવાનો પ્રયાસ કરે છે. લંડનમાં વિદેશ મંત્રી એસ જયશંકરને કાશ્મીર પર આવો જ પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. દિલ્હીથી લગભગ ૭ હજાર કિલોમીટર દૂર લંડનમાં, પાકિસ્તાનના એક કથિત લેખક અને પત્રકારે ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરને એક પ્રશ્ન પૂછ્યો. પ્રશ્ન પૂછવામાં આવે તે પહેલાં જ એવો દાવો કરવામાં આવ્યો હતો કે એસ જયશંકર આજે નર્વસ હશે. પાકિસ્તાની પત્રકારે જાણી જોઈને સીધો પ્રશ્ન ટાળ્યો પણ એસ જયશંકરે એટલો સીધો અને સચોટ જવાબ આપ્યો કે લંડનથી ૬ હજાર કિલોમીટર દૂર ઈસ્લામાબાદમાં હંગામો મચી ગયો. આ અંગે વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે, અમે કાશ્મીરમાં ખૂબ સારું કામ કર્યું છે અને મોટાભાગનું કામ પૂર્ણ થઈ ગયું છે. મને લાગે છે કે કલમ ૩૭૦ દૂર કરવી એ પહેલું પગલું હતું. બીજું પગલું કાશ્મીરમાં વિકાસ, આર્થિક પ્રવૃત્તિ અને સામાજિક ન્યાય પુનઃસ્થાપિત કરવાનું હતું. ત્રીજું પગલું કાશ્મીરમાં ખૂબ ઊંચા મતદાન સાથે ચૂંટણીઓ યોજવાનું હતું. મને લાગે છે કે આપણે જેની રાહ જોઈ રહ્યા છીએ તે કાશ્મીરના ચોરાયેલા ભાગની પરત ફરવાની છે, જે પાકિસ્તાનના કબજા હેઠળ છે. જ્યારે આ પૂર્ણ થશે, ત્યારે હું તમને ખાતરી આપું છું કે કાશ્મીર સમસ્યાનો ઉકેલ આવી જશે.

પેલેસ્ટિનિયનો દ્વારા બંધક બનાવાયેલા ૧૦ ભારતીય કામદારોને ઈઝરાયલે છોડવ્યા

ગાઝા,તા.૦૭



ભારતમાંથી હજારો કામદારો ઈઝરાયલ કામ કરવા ગયા છે. જોકે, તાજેતરમાં સમાચાર આવ્યા છે કે પશ્ચિમ કાંઠા વિસ્તારમાં ૧૦ ભારતીય કામદારો ગુમ થયા છે. ઈઝરાયલી અધિકારીઓએ પશ્ચિમ કાંઠે ગુમ થયેલા ૧૦ ભારતીય બાંધકામ કામદારોને શોધી કાઢ્યા છે અને તે બધાને ઈઝરાયલ પાછા લાવ્યા છે. પાસપોર્ટ છીનવી લીધા પછી, તે બધાને એક ગામમાંથી બચાવી લેવામાં આવ્યા હતા જ્યાં તેમને એક મહિનાથી વધુ સમય સુધી બંધક બનાવવામાં આવ્યા હતા. ટાઈમ્સ ઓફ ઈઝરાયલે અધિકારીઓને ટાંકીને જણાવ્યું હતું કે પેલેસ્ટિનિયનો ભારતીય કામદારોને નોકરીનું વચન આપીને પશ્ચિમ કાંઠાના અલ-જૈમ ગામમાં લઈ ગયા હતા. પેલેસ્ટિનિયનોએ ભારતીય કામદારોના પાસપોર્ટ લઈ લીધા અને ઈઝરાયલમાં પ્રવેશવા માટે તેનો ઉપયોગ કરવાનો પ્રયાસ કર્યો. એવું માનવામાં આવે છે કે આઈડીએફે પાસપોર્ટના ગેરકાયદેસર ઉપયોગની ઓળખ કરી લીધી છે.

મારો ઉદ્દેશ્ય હિન્દુ રાષ્ટ્ર બનાવવાનો છે, હું કોઈ પક્ષનો નથી : બાગેશ્વર મહારાજ

ગોપાલગંજ,તા.૦૭

બાગેશ્વર ધામના મુખ્ય પૂજારી પંડિત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી ગોપાલગંજમાં છે. ભોરા બ્લોકના રામનગર ગામમાં આયોજિત પાંચ દિવસીય હનુમાન કથામાં બાબા આવ્યા છે. તેમણે હનુમાન કથાનો પાઠ કર્યો. બાબાએ વાર્તાની શરૂઆતમાં કહ્યું હતું કે જ્યારે બિહાર આવવાનો કાર્યક્રમ બનાવવામાં આવે છે, ત્યારે કેટલાક લોકોને પેટમાં દુઃખાવો થવા લાગે છે અને તેઓ વાહિયાત વાતો કરવાનું શરૂ કરે છે. હું બધાને કહેવા માંગુ છું કે હું કોઈ પણ પક્ષનો નથી. મારો એકમાત્ર ઉદ્દેશ્ય ભારતને હિન્દુ રાષ્ટ્ર બનાવવાનો અને દરેકને સીતારામનો ભક્ત બનાવવાનો છે. બાગેશ્વર મહારાજે કહ્યું કે હિન્દુ રાષ્ટ્ર બનાવવાનો અવાજ સૌપ્રથમ બિહારથી ઉઠશે અને આ કાર્ય પૂર્ણ થશે. ભગવાન જે કંઈ કરે છે, તે સારા માટે જ કરે છે. ભગવાને શું કર્યું છે તેના પર પ્રશ્ન ઉઠાવવો મૂર્ખામી છે.

મહારાષ્ટ્રમાં યુતિ સરકારમાં ફરી એક વખત ગજગ્રાહ : શિંદેના મિત્રને ફડણવીસે હટાવ્યા

મુંબઈ,તા.૦૭



મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે ફરી એકવાર તેમના નાયબ મુખ્યમંત્રી અને શિવસેનાના વડા એકનાથ શિંદેને મોટો ઝટકો આપ્યો છે. ફડણવીસે શિંદેના નજીકના સાથી અજય આશારને 'મિત્ર'સંગઠનના ઉપપ્રમુખ પદેથી દૂર કર્યા છે. તમને જણાવી દઈએ કે મહારાષ્ટ્ર સરકારે નીતિ આયોગની તર્જ પર 'મિત્ર' (મહારાષ્ટ્ર ઈન્સ્ટિટ્યૂટ ફોર ટ્રાન્સફોર્મેશન) ની રચના કરી છે. વર્ષ ૨૦૨૨ માં શિંદે સરકારની રચના પછી, એકનાથ શિંદેએ તેમના નજીકના સહાયક અજય આશારને મિત્રાના ઉપપ્રમુખ તરીકે નિયુક્ત કર્યા. અજય આશાર એક મોટા બિલ્ડર અને આશાર ગ્રુપના ચેરમેન છે. ફડણવીસ સરકારે અજય આશારને મિત્રામાંથી દૂર કરીને ઉપપ્રમુખ પદ પર બે નવા નેતાઓની નિમણૂક કરતો નવો આદેશ જારી કર્યો છે. આ બે નવા ઉપપ્રમુખોમાંથી એક અજિત પવારની આગેવાની હેઠળના એનસીપીના દિલીપ વાલ્સે પાટિલ અને બીજા ભાજપના નેતા રાણા જગજીત સિંહ પાટિલ છે.

પ્રખ્યાત ફિલ્મ નિર્માતા અનુરાગ કશ્યપે બોલિવૂડમાંથી બહાર નીકળવાની કરી જાહેરાત


મુંબઈ,તા.૦૭



પ્રખ્યાત ફિલ્મ નિર્માતા અનુરાગ કશ્યપે બોલિવૂડમાંથી બહાર નીકળવાની સત્તાવાર જાહેરાત કરી છે, તેને બોક્સ ઓફિસના આંકડાઓ પર ઉદ્યોગના વધતા જતા નિયંત્રણ અને સર્જનાત્મક સ્વતંત્રતા માટે ઘટતા અવકાશને ટાંકીને કહ્યું છે. ઇન્ટરવ્યુમાં, તેમણે ઉદ્યોગની બદલાતી ગતિશીલતા પ્રત્યે પોતાની નિરાશા વ્યક્ત કરી હતી."હું ફિલ્મી લોકોથી દૂર રહેવા માંગુ છું. આ ઉદ્યોગ ખૂબ જ ટોક્સિક બની ગયો છે. દરેક વ્યક્તિ અવાસ્તવિક લક્ષ્યોનો પીછો કરી રહ્યો છે, આગામી ૫૦૦ કે ૮૦૦ કરોડ રૂપિયાની ફિલ્મ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. સર્જનાત્મક વાતાવરણ જતું રહ્યું છે," તેમણે કહ્યું. અભિનેતા-દિગ્દર્શક અગાઉ પણ ફિલ્મ ઉદ્યોગ પ્રત્યેની પોતાની હતાશા વિશે વાત કરી હતી. ધ હોલીવુડ રિપોર્ટર ઇન્ડિયા સાથેની એક મુલાકાતમાં, તેને ખુલાસો કર્યો હતો કે, "શરૂઆતથી જ, ફિલ્મ શરૂ થાય તે પહેલાં, તે 'આપણે તેને કેવી રીતે વેચીએ?' તે વિશે હોય છે. ફિલ્મ નિર્માણનો આનંદ છીનવાઈ ગયો છે. તેથી જ હું બોલિવૂડ ફિલ્મ છોડીને જવા માંગુ છું. શાબ્દિક રીતે આવતા વર્ષે, હું મુંબઈ છોડી રહ્યો છું." કશ્યપે દક્ષિણના ફિલ્મ નિર્માતાઓની ઈર્ષ્યા કરવાનો સ્વીકાર પણ કર્યો અને તેના માટે પ્રયોગ કરવાનું કેટલું મુશ્કેલ બની ગયું છે તે દર્શાવ્યું. "બોલિવૂડના લોકો માર્જિનનો પીછો કરી રહ્યા છે જ્યારે હું પૈસા ગુમાવી રહ્યો છું," તેણે ઉમેર્યું હતું.

ભારતીય ટીમે અત્યાર સુધીમાં ૬ આઈસીસી ફાઇનલમાં જીત મેળવી છે

મુંબઈ,તા.૦૭



ભારતમાં ક્રિકેટને હંમેશા એક ધર્મ માનવામાં આવે છે અને અહીંના લોકોમાં ક્રિકેટને લઈને એક અલગ પ્રકારનો જુસ્સો અને ક્રેઝ જોવા મળે છે. રોહિત શર્માની કેપ્ટનશીપ હેઠળ, ભારતીય ટીમ સારું પ્રદર્શન કરી રહી છે અને ટીમે ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ ની ફાઇનલમાં જગ્યા બનાવી છે, જ્યાં તેનો મુકાબલો ૯ માર્ચે ન્યુઝીલેન્ડ સામે થશે. ભારતે ૧૪મી વખત કોઈ આઈસીસી ટુર્નામેન્ટની ફાઇનલમાં જગ્યા બનાવી છે અને અત્યાર સુધીમાં કુલ ૧૩ આઈસીસી ફાઇનલ રમી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, આઈસીસી ટુર્નામેન્ટમાં ભારતીય ટીમનું પ્રદર્શન સારું રહ્યું છે. છેલ્લા ૧૨ વર્ષમાં ભારતે ફક્ત એક જ આઈસીસી ટાઈટલ જીત્યું હોવા છતાં, ટીમ નોટઆઉટ તબક્કામાં પહોંચી રહી છે. ભારતે પહેલી વાર ૧૯૮૩માં આઈસીસી ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો અને ટાઈટલ પણ જીત્યું હતું. ત્યારબાદ ભારતીય ટીમે કપિલ દેવની કેપ્ટનશીપ હેઠળ ૧૯૮૩નો વનડે વર્લ્ડ કપ જીત્યો. આ પછી, ભારત સૌરવ ગાંગુલીની કેપ્ટનશીપ હેઠળ ૨૦૦૦ અને ૨૦૦૨ માં ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં પહોંચ્યું. ત્યારબાદ ભારતીય ટીમે ૨૦૦૩ ના વનડે વર્લ્ડ કપની ફાઇનલ મેચ પણ રમી હતી.

મિશન મંગલમ | સત્યમેવ જયતે ગુજરાત સરકાર | આજીવિકા NRLM | શ્રમયોગ • સંગઠન • સમૃદ્ધિ

ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિ. (ગ્રામ વિકાસ વિભાગ)
દ્વારા આયોજિત

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે





લખપતિ દીદી સંમેલન

સખી બહેનોની મહેનત અને સમર્પણને સન્માન



માનનીય વડાપ્રધાન

શ્રી નરેન્દ્રભાઈ મોદી ના

વરદ્‌હસ્તે

૨૫ હજારથી વધુ સ્વ-સહાય જૂથની ૨.૫ લાખથી
વધુ મહિલાઓને ₹૪૫૦ કરોડથી વધુની સહાય

લોકાર્પણ

જી-સફલ
૨ મહત્વાકાંક્ષી જિલ્લાઓ અને ૧૩ મહત્વાકાંક્ષી તાલુકાઓમાં અંત્યોદય પરિવારોની સ્વ-સહાય જૂથની મહિલાઓને આજીવિકાલક્ષી પ્રવૃતિઓ અંતર્ગત નાણાંકીય સહાય માટેની યોજના

જી-મૈત્રી
ગ્રામીણ આજીવિકા માટે કાર્યરત સ્ટાર્ટઅપ્સને નાણાંકીય સહાય અને માર્ગદર્શન માટેની યોજના

ગરિમામયી ઉપસ્થિતિ

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

અતિથિ વિશેષ

શ્રી સી. આર. પાટીલ
માનનીય કેન્દ્રીય મંત્રી, જલ શક્તિ મંત્રાલય

વિશેષ ઉપસ્થિતિ

શ્રી રાઘવજીભાઈ પટેલ
માનનીય મંત્રી, કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ, ગુજરાત

શ્રી કનુભાઈ દેસાઈ
માનનીય મંત્રી, નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, ગુજરાત

શ્રી કુંવરજીભાઈ હળપતિ
માનનીય મંત્રી (રા.ક.), આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ, ગુજરાત



તારીખ: ૦૮ માર્ચ, ૨૦૨૫
સમય: સવારે ૧૦.૩૦ વાગે
સ્થળ: વાંસી-બોરસી, તા. જલાલપોર, જિ. નવસારી